## પ્રકરણ – ૧ સંસ્કૃતસાહિત્ય

(૧) સંસ્કૃત સાહિત્યિક પરંપરા
(૨) વૈદિક સંસ્કૃત સાહિત્ય
(૩) ષડ્વેદાંગો
(૪) સૂત્રસાહિત્ય
(૫) પ્રશિષ્ટ–સંસ્કૃતસાહિત્ય
પાદટીપ

## *    ભૂમિકા :

સંસ્કૃત એ ભારતની પ્રાચીન ભાષા છે. જગતની પ્રાચીનતમ ભાષાઓમાં સંસ્કૃત ભાષાની ગણના થાય છે. સંસ્કૃત એ માત્ર ભારતની પ્રાચીનતમ ભાષા જ નથી એ માનવસંસ્કૃતિની ભાષા પણ છે. કેમ કે, એમાં ભારતીય સંસ્કૃતિના ઇતિહાસ ઉપરાંત આર્યજાતિની સભ્યતા, વિચાર અને માન્યતાઓનો ઇતિહાસ અકબંધ સચવાયેલો છે. સંસ્કૃત ભાષા જ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે. તેમાં જીવંતતા ભરેલી છે.

પ્રાચીન સમયના સઘળા સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું સાહિત્ય અત્યંત રસભર્યુ છે. ભાષા ધર્મ અને પુરાણકથાના તુલનાત્મક અભ્યાસનો આધાર સંસ્કૃત ભાષા છે. સંસ્કૃતનો સાંસ્કૃતિક પ્રભાવ ભારતની બહાર અનેક દેશોમાં ફેલાયો હતો. તથા તેનાથી લોકો પ્રભાવિત પણ થયા હતા. સંસ્કૃત ભાષાએ જ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી છે. સંસ્કૃત આર્ય સંસ્કૃતિની ભાષા હોવાથી પ્રાચીન સમયથી જ વ્યાપક ફેલાવો પણ વધતો જતો હતો. શિક્ષણ અને ધાર્મિક વિધિઓમાં સંસ્કૃત ભાષા સતત ઉપયોગમાં રહી છે. પાણિનીના સમયમાં તો એ લોકભાષાના રૂપમાં હતી. આમ સંસ્કૃત ભાષા થકી જ ભારત દેશનું ગૌરવ વધ્યુ છે અને વધતુ રહેશે.

સંસ્કૃત સાહિત્ય વૈદિક સાહિત્યને કારણે વિ  માં મહાન બન્યું છે. અખૂટ જ્ઞાનના ભંડાર રૂપ વૈદિક સાહિત્ય આપણને નવી વિચારધારા બક્ષે છે. વૈદિક સાહિત્ય સાગર છે તેનો કતયારેય અંત ન આવે. વેદ, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ મળીને વૈદિક શ્રુતિ સાહિત્ય બને છે. સમય જતાં વેદને સમજવા માટે વેદના અંગરૂપ છ શાસ્ત્રોનું વેદાંઙ્ગ સાહિત્ય અસ્તિત્વમાં આવે છે. એમાં શિક્ષા, વ્યાકરણ, નિરૂકતત, છંદ, કલ્પ અને જયોતિષ શાસ્ત્રનો સમાવેશ થાય છે. બ્રાહ્મણગ્રંથોમાં વેદના અર્થને સમજવા માટે સૂત્રોમાં સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. શ્રૌતસૂત્રો, ગૃહ્યસૂત્રો અને ધર્મસૂત્રોના પ્રાચીન ગ્રંથો આ સૂત્ર પદ્ધતિમાં લખાયેલા છે.

સંસ્કૃત સાહિત્ય તેની અનેક રચનાઓને કારણે વિ  માં ખૂબ જ પ્રસિદ્ધિ પામ્યું છે. સંસ્કૃત સાહિત્યના અનેકવિધ કવિઓએ સાચા અર્થમાં હૃદયપૂર્વક સંસ્કૃત ભાષાની સેવા કરી છે. ભારત દેશને આજે સાહિત્યની ભાષામાં જો કોઇએ ગૌરવ અપાવ્યું હોય તો તે સંસ્કૃત ભાષાએ જ અપાવ્યું છે. દરેક ભારતીયનું પોતાની પ્રાચીન માતૃભાષા સંસ્કૃત માટે ગૌરવ હોવું જોઇએ. ભારત દેશનું નામ વિ  માં ગુંજતું કર્યું હોય તો તે સંસ્કૃત ભાષાએ કર્યું છે. પ્રાચીન સમયથી લઇને આજ સુધી સંસ્કૃત ભાષા આપણને જીવનનો યોગ્ય માર્ગ બતાવતી રહી છે.

## ૧. સંસ્કૃતની સાહિત્યક પરંપરા ::

અસંખ્ય સદીઓ પસાર થઇ ગઇ, ઘણો બધો કાળ પસાર થઇ ગયો છતાં પણ સંસ્કૃત ભાષાની સાહિત્યિક પરંપરા અકબંધ જળવાઇ રહી છે. સંસ્કૃત પુરાણકાળમાં લોકવ્યવહારની ભાષા ન હતી. એવું પશ્ચિમના વિદ્વાનો માનતા હતા. પરંતુ આ એક ભ્રાંત કલ્પના છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યિક પરંપરા વેદ કાળથી અવિરત પ્રચલિત છે અને તે આવનારા સમયમાં પણ ચાલુ રહેશે. આર્ય પરંપરામાં સૃષ્ટિના આરંભથી આ સુરક્ષિત છે. વેદનું વાકતય દૈવી વાકતય છે. વાક્ માનવની ઉત્પત્તિથી લઇને પૂર્વે અન્તરીક્ષમાં અને પૃથ્વી લોકમાં દેવો અને ઋષિઓ ઇ   રની ભૌતિક વિભૂતિઓ દ્વારા પ્રગટ થઇ હતી.

માનવ સૃષ્ટિના આરંભથી જયારે ઋષિઓએ શરીર ધારણ કર્યું, ત્યારે તે દૈવી વાણી ઇ   રની પ્રેરણાથી તેમાં પ્રવેશી. તે કારણથી વેદ–વાક્નું એક નામ શ્રુતિ છે. તે કાળમાં વેદ શબ્દોના આધારે ઋષિઓએ વ્યવહારની ભાષાને જન્મ આપ્યો. બ્રહ્મા, મનુ અને સપ્તર્ષિ વગેરે ઋષિઓનો ઉપદેશ આગમ ગ્રંથ તથા મૂળ સિદ્ધાંત તે જ વ્યવહારની ભાષામાં હતા.

પ્રાચીન કાળમાં સંસ્કૃત ભાષા લૌકિક વ્યવહારની ભાષા હતી. બધા લોકો સંસ્કૃત ભાષામાં જ વ્યવહાર કરતા હતા. ત્યારે બધી જ દિશાઓમાં સંસ્કૃતની બોલબાલા હતી. ભાષાવિજ્ઞાનીઓનું આ સ્વપ્ન હતું કે ભાષાઓને સામાન્ય મૂળ સુધી પહોંચાડવામાં આવે. તે ભાષાને મૂળ સુધી પહોંચાડવામાં તેમનો પ્રયત્ન નિષ્ફળ નિવડયો છે. કાળના ક્રમમાં ભાષાનું આવું પરિવર્તન થાય છે. ઐતિહાસિક પ્રમાણના અભાવે એક ભાષા પાંચ હજાર અથવા ત્રણસો વર્ષ પહેલા કેવી હતી ? તેનું વર્ગીકરણ કરવું ખૂબ જ કષ્ટદાયક છે.

સંસ્કૃત ભાષાનું મહત્વ પ્રાચીન સમયમાં દરેક જન માનસમાં અંકાયેલું હતું. ભાષાના આદાન–પ્રદાન દ્વારા જ જન સંપર્ક સાધી શકાય છે. વાણી શબ્દ સ્પષ્ટ રૂપમાં જ વ્યવહારિક સંસ્કૃત ભાષાને માટે પ્રયોજવામાં આવ્યો હતો. પૃથ્વી ઉપર ભ્રમણ કરનાર દેવર્ષિ નારદ વાણીના અસાધારણ જ્ઞાતા હતા. [૧] તેમના ગ્રંથો નારદશિક્ષા અને સંગીત મકરંદ આજે પણ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથો લૌકિક સંસ્કૃતમાં છે અને વર્તમાન બ્રાહ્મણગ્રંથોથી પ્રાચીન છે.

સંસ્કૃત ભાષા વિશે રામાયણના સુંદરકાંડમાં લખવામાં આવ્યું છે. સુંદરકાંડમાં સંસ્કૃત ભાષા વિશે 'માનુષી' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. રામાયણમાં સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે કે, માનુષી એટલે જ સંસ્કૃત. બ્રહ્માએ માણસને લિપિનું પ્રદાન કર્યું છે અને તેને બ્રાહ્મી કહેવામાં આવે છે. કળિયુગને ઉપદેશ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે બધા જ યુગમાં સંસ્કૃત ભાષા બોલાતી હતી તે કાળમાં બધા વિદ્વાન જ હતા. તે ભાષા ગ્રામીણ લોકોની ન હતી. ત્યારપછી ઉત્તર કાળમાં ભાષા અપભ્રંશ થઇને સંકોચન પામી છે.

પ્રાચીન કાળમાં સંસ્કૃત ભાષા સમૃદ્ધ હતી. પાણિનિમુનિ દ્વારા કેળવાયેલી ભાષા કેવળ ભારત ખંડની ન હતી, પણ સાતેય દ્વિપોમાં પણ બોલાતી હતી. પહેલાના આચાર્યો દ્વારા પરંપરા પ્રાપ્ત આ પ્રાચીન તથ્યનો નિર્દેશ ભરત તથા પતંજલિએ તેમના ગ્રંથોમાં કર્યો છે. સંસારની મોટા ભાગની ભાષાઓ સંસ્કૃતમાંથી જ જન્મી છે. સંસ્કૃત ભાષા દેવોની છે અને તે ભાષા દેવોના મુખે ગવાયેલી ભાષા છે એટલા માટે આ ભાષાનું મહત્વ વધી જાય છે.

સંસ્કૃત ભાષાની સાહિત્યિક પરંપરા પ્રાચીન કાળથી જ સમૃદ્ધ અને પ્રભાવી છે. ભારત વર્ષમાં ચારેય વર્ણોની ભાષાના બે પ્રકાર હતા, સંસ્કૃત અને બીજી પ્રાકૃત વ્યવહારની આ ભાષા શુદ્ધ હતી. ગામઠી ન હતી. આથી જ પાણિનિએ વ્યવહારની ભાષા માટે નિયમો બનાવ્યા છે. આ જ શબ્દો પ્રાચીન કાળમાં વ્યાકરણમાં પ્રયોજેલા હતા અને પ્રચલિત પણ હતા.

સંસ્કૃત ભાષા ઈન્ડો–યુરોપીય સમૂહની અંદર આવે છે. આર્યો ઈન્ડો–યુરોપીય વર્ગની જાતિ છે. તેનું નિકટનું સાદશ્ય પ્રાચીન ઈરાનીય લોકોનું ધર્મ–સાહિત્યની પ્રારંભની અવેસ્તા ભાષા છે. ધ્વનિશાસ્ત્રના નિયમને લાગુ કરવામાં આવે તો અવેસ્તા ભાષાના બધા જ છંદ વૈદિક ભાષામાં જોવા મળે છે. સંસ્કૃત ભાષાનું સામ્ય અવેસ્તા ભાષા સાથે જોવા મળે છે. સંસ્કૃત ભાષાનો અવેસ્તા ભાષા સાથે નજીકનો સંબંધ જોવા મળે છે.

સંસ્કૃત ભાષાની સાહિત્યિક પરંપરામાં મુખ્ય ત્રણ વર્ગ જોવા મળે છે, વૈદિક, મહાકાવ્યીય અને શાસ્ત્રીય.[૨] વૈદિક ભાષા પોતે જ એક રૂપ નથી. ઋગ્વેદના સર્વાધિક પ્રાચીન મંત્રોમાં બધાથી પ્રાચીન રૂપ માનવામાં આવે છે. પછીના મંત્રો વિશેષ કરીને બીજા વેદોના તેમના ચરણના છે. તથા બ્રાહ્મણગ્રંથોની જેમ ગદ્યકૃતિઓ વૈદિક સંસ્કૃતના અંતિમ રૂપનું પ્રદર્શન કરે છે. મહાકાવ્યોમાં પ્રસ્તુત કરવામાં આવેલું સંસ્કૃત ખૂબ જ લોકપ્રિય છે. રામાયણ અને મહાભારતની જેમ શાસ્ત્રીય સંસ્કૃત કાવ્યોની ભાષા છે.

કોઈપણ ભાષાના ઘણાબધાં વર્ગ હોય છે. શબ્દ ભંડાર, રૂપરેખા, વ્યાકરણના સંબંધમાં નિયમોની કઠોરતા અને શિથિલતા તથા અન્ય વિશેષતાઓને કારણે એકબીજાથી ભિન્ન હોય છે. પ્રારંભિક ચરણમાં ભાષાઓનું સાહિત્ય ઉચ્ચવર્ગીય લોકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ છે. શિક્ષાનો પ્રચાર ત્યાં સુધી નથી થતો જયાં સુધી ભાષા અંતિમ માણસ સુધી ન પહોંચે. આજે સાહિત્ય અને સંસ્કૃતિ સંપૂર્ણ રીતે જન સમુદાયમાં વ્યાપી ગઈ છે. બોલચાલના શબ્દો પણ સાહિત્યમાં મુકતત રૂપમાં પ્રયુકતત થાય છે. પરંતુ ભૂતકાળમાં આવી ચર્ચા ન હતી. આ પ્રકારના સીમિત વિકાસ માટે સંસ્કૃત ભાષા ઈતિહાસનું અન્તિમ ઉદાહરણ છે.

ધર્મનિરપેક્ષ પ્રકારનું સાહિત્ય વિશેષ કરીને ગીતાત્મક કવિતા શરૂઆતથી પ્રાકૃતનાં વિભિન્ન રૂપોમાં વિકસિત થવા લાગી. જે પ્રકારે મધ્યયુગના અંતિમ ચરણમાં યુરોપીય ભાષાઓ જર્મન, ઈટાલીમાં

રચાયેલા પ્રેમગીતો તથા સુરાગીતોએ લેટિન કવિતાને પ્રભાવિત કરી હતી, તેવી જ રીતે પ્રાકૃતભાષાની ગીતપરંપરાએ સંસ્કૃતની પરંપરાને પ્રભાવિત કરી હશે. મહારાજ હલ સતવહનાની કૃનિ પ્રાકૃતમાં લખાયેલા પ્રેમગીતોનો સંગ્રહ 'સત્તસઇ' ગોવર્ધનની સંસ્કૃત 'સપ્તશતસ' સાથે સંબંધિત હતી. નાટકોમાં પ્રાકૃત ભાષાને પ્રત્યક્ષ માન્યતા મળી હતી. તેનો એવો ઉદ્દેશ હતો કે સામાન્ય લોકો સંસ્કૃત ભાષાની જગ્યાએ પોતાની ભાષાનો ઉપયોગ કરે.

આધુનિક ભારતીય ભાષાઓ સાહિત્યિક માધ્યમનાં રૂપમાં પ્રગટ થવા લાગી, સંસ્કૃતનો પ્રભાવ કોઇ પણ પ્રકારે ઓછો ન થયો. સુસંસ્કૃત લોકોએ ક્ષેત્રીય ભાષામાં વધારે ને વધારે રચના કરવાની શરૂઆત કરી દીધી. તો તેની પ્રેરણા સંસ્કૃત પરંપરામાંથી જ લીધી છે. ઘણાબધાં લોકોએ દેશી ભાષાની સાથે સંસ્કૃતમાં પણ લખ્યુ છે. પોતાની મૌલિક રચનાઓની કથાઓનું કથાનક સંસ્કૃતનાં મોટાં મોટાં મહાકાવ્યોમાંથી જ લીધું છે. સાહિત્યિક રૂપો તથા સાહિત્યિક મૂલ્યાંકનો, વસ્તુબોધ સંસ્કૃત ભાષાની જ દેન છે.

દ્રવિડ વર્ગની ભાષાની સંસ્કૃતની શકિતતશાળી ભાષાએ પ્રભાવિત કરી છે. વર્તમાન સમયમાં તેલુગૂ, કન્નડ અને મલયાલમ ભાષાનું રૂપ બંગાળી અને મરાઠી ભાષાથી ભિન્ન છે. તામિલ વર્ણમાલાના શબ્દોનું સંસ્કૃતીકરણ ન થયું. તામિલ ભાષાએ સંસ્કૃત પરંપરાને અસ્વીકૃત કરી લીધી હતી છતાં પણ સંસ્કૃતના અધ્યયન ક્ષેત્રમાં તામિલનાડુ પ્રદેશની સામેલગીરી કંઇ ઓછી ન હતી.

સંસ્કૃતની સાહિત્યિક પરંપરા ઉત્તર ભારતમાં પણ સારી રીતે જોવા મળે છે. અકબર તથા શાહજહાંનો પણ દારાશિકો સંસ્કૃત ભાષાનો ખૂબ જ મોટો પ્રશંસક હતો. અકબરનો સેનાપતિ બૈરામખાં ખાનપાન સંસ્કૃત ભાષાનો વિદ્વાન હતો. મોગલ રાજયોની સંસ્કૃતિ હિન્દુ હતી અને પ્રત્યેક વંશે સંસ્કૃત ભાષાના સંરક્ષણમાં ખૂબ જ મોટો ફાળો આપ્યો હતો.[૩]

## ૨. વૈદિક સંસ્કૃત સાહિત્ય ::

વૈદિક સાહિત્ય સંસારનું સૌથી પ્રાચીન સાહિત્ય માનવામાં આવે છે. વેદો આજે પણ સમસ્ત ઇન્ડો–યુરોપીયન સાહિત્યની તુલનામાં પ્રાચીન માનવામાં આવે છે. વેદોને અપૌરુષેય માનવામાં આવે છે. તેનું વર્ણન ભગવાને કર્યું છે.જયારથી સૃષ્ટિની ઉત્ત્યપતિ થઇ હતી ત્યારથી જ વેદો અસ્તિત્વમાં હતા જ. વેદોમાં ઇ રે શ્રેષ્ઠ માનવજીવન પદ્ધતિનું વર્ણન કર્યું છે. તેમાં અલગ–અલગ દેવોની સ્તુતિ છે તથા માણસે જીવનમાં કેવા ગુણો ખીલવવા તથા માનવનું જીવન કેવા ગુણોથી ખીલી ઠે તે દર્શાવ્યુ છે. વેદોમાં ટોચનું તત્ત્યવજ્ઞાન છૂપાયેલું છે.

ભારતીય સંસ્કૃતિમાં વેદોનું મહત્વ ખૂબ જ બહેલું છે. ઉત્ત્યપતિની દ્રષ્ટિએ જોઇએ તો 'વેદ' શબ્દનો અર્થ જ્ઞાન થાય છે.[૪] વેદોમાં આધારભૂત માહિતી અને મંત્રોનો સંગ્રહ છે. મસ્તિષ્કમાં જે વિચાર કરવામાં આવ્યો તે જ આ મંત્ર. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એમ ચાર વેદો છે. તેમાં ઋગ્વેદ સૌથી પ્રાચીન માનવામાં આવે છે. ઋગ્વેદમાં દસ મંડળો છે અને ૧૦ હજારથી પણ વધારે ઋચાઓ છે. જે એક હજાર સૂકતતોમાં સંગ્રહિત છે. ઋગ્વેદમાં ધાર્મિક સ્તુતિઓ, પૃથ્વીનું સૌંદર્ય તથા પ્રવતિની અપ્રકટ શિ તનું વર્ણન અતિશયોિ તપૂર્ણ રીતે કરવામાં આવ્યું છે.

ઋગ્વેદની રચના પછી સામવેદ અસ્તિત્વ આવ્યો હતો. જેમ જેમ ધર્મનો વિકાસ થયો તેમ તેમ તેના માટે અલગ–અલગ સ્તુતિઓની રચના કરવામાં આવી જે ગાઇ શકાય તેમ હતી. આમ સામવેદની ઉત્ત્યપતિ થઇ હતી. સામવેદ ગીત પ્રધાન છે. 18.75 મંત્રોનો તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. વૈદિક સાહિત્યનું મુખ્ય વિષયવસ્તુ સ્તુતિઓ, સૂત્રો અને જાદુ–ટોણા સિવાય બ્રાહ્મણો, આરણ્યકો તથા ઉપનિષદો જેવું તત્ત્યવજ્ઞાન પણ જોવા મળે છે.

ઋગ્વેદ, સામવેદ પછી યજુર્વેદની રચના થઇ છે. યજુસનો અર્થ યજ્ઞના સૂત્ર થાય છે. યજુર્વેદમાં બે હજાર મંત્રો ગદ્યમાં છે. આ મંત્ર પ્રાર્થનાના રૂપમાં ન હતા. પરંતુ તે સાચા અર્થમાં વિશિષ્ટ યજ્ઞીય ક્રિયાઓ તથા મંત્રોના આચરણથી ઉત્પન્ન ફળના બારામાં કહેવામાં આવ્યું છે. યજુર્વેદના બે ભાગ જોવા મળે છે. શુકતલ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ. યજુર્વેદને ધનુર્વેદના નામે પણ ઓળખવામાં આવે છે.

ઋગ્વેદ, સામવેદ પછી યજુર્વેદની રચના પછી અથર્વવેદ અસ્તિત્વમાં આવ્યો. આ વેદ ત્યારે અસ્તિત્વમાં આવ્યો જયારે અધ્વર્યુ નામનો પુરોહિત લોકોનું મનોરંજન અને વ્યાધિઓ , શત્રુઓ, દાનવોની સામે જાદુ અને ટોણા પ્રદર્શિત કરતા હતા. આ વેદમાં 6,000 મંત્ર છે. [૫] આ વેદમાં વિવિધ રોગોના ઉપચાર તથા રોગોના નિવારણના અનેક મંત્રો છે. આધુનિક આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિ પણ અથર્વવેદને આભારી છે. અથર્વવેદમાં સ્વાસ્થ્ય અને દીર્ઘ આયુષ્ય માટેના અનેક મંત્રો છે. અથર્વવેદમાં 99 રોગોનું વર્ણન છે. [૬]

ભારતીય સંસ્કૃતિના ચારેય વેદોના મંત્રો મૌખિક પરંપરાથી સચવાયેલા છે. વૈદિક સાહિત્યમાં સ્તુતિ, સૂત્રો, જાદુ–ટોણા તથા બ્રાહ્મણ, આરણ્યકો, ઉપનિષદ્ વગેરેનો સમાવેશ થાય છે. બ્રાહ્મણ ગદ્ય કૃતિ છે. જેમાં છંદોબદ્ધ અંશ જોવા મળે છે. આ ધાર્મિક સંસ્કારો તથા વ્યાખ્યાઓનો નિયમ નિર્ધારિત કરે છે. વૈદિક સાહિત્યમાં સૃષ્ટિને સંબંધિત પૌરાણિક કથાઓ ઉપાખ્યાનો તથા કથાઓ આવેલી છે. જેમાં યજ્ઞોનું સંદર્ભ જોવા મળે છે. બ્રાહ્મણોનો ઉદ્ભવ ઋગ્વેદ તથા સામવેદ પછી અને યજુર્વેદનો સમકાલીન હતો. બ્રાહ્મણ ચારેય વેદો સાથે જોડાયેલ છે.

વૈદિક સંસ્કૃત સાહિત્યનો ઉદ્ભવ કયારે થયો તે ચોકતકસ જણાવી શકાય નહી. વૈદિક મંત્રો, બ્રાહ્મણો અને આરણ્યકોને શ્રુતિઓના રૂપમાં વર્ગીકરણ કરવામાં આવે છે.આ પવિત્ર જ્ઞાન કોઈ માણસે ઉત્પન્ન કર્યું નથી. આનું પૂર્ણ રૂપ સૃષ્ટિના આરંભથી જ વર્તમાન અને ધ્યાનસ્થ ઋષિઓના મસ્તિષ્કમાં ઉત્પન્ન થયેલું જ્ઞાન છે. વેદો અનન્ત કાલથી અસ્તિત્વમાં છે. વેદોમાં જે ઋષિઓએ સ્તુતિની રચના કરી તે સ્તુતિની સાથે તે ઋષિનું નામ પણ જોડવામાં આવેલું છે.

વૈદિક સંસ્કૃત સાહિત્યમાં વેદોની રચના પછી વેદાંઙ્ગો અસ્તિત્વમાં આવ્યા. વેદોને સમજવામાં વેદાઙ્ગો સહાયરૂપ બને છે. સૂત્ર–સાહિત્યની શૈલી અને પ્રણાલી બ્રાહ્મણ ગ્રંથોથી વિકસિત થઈ. વેદાંગ સંસ્કારગત ધર્મની નજીક છે. કલ્પસૂત્રમાં સંસ્કારોનું વર્ણન છે. શ્રુતિમાં આવતી ત્રણ હવનકુંડની સ્થાપના શ્રોતસૂત્રોનાં નામે ઓળખવામાં આવે છે. કલ્પસૂત્રોનો બીજો ભાગ ગૃહ્યસૂત્ર છે. તેમાં સંસ્કારોનું વર્ણન છે.ગૃહ્યસૂત્રમાં ગૃહ જીવનનાં સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યું છે. માણસે સંસારમાં કેવી રીતે રહેવું, કેવા નિયમોનું પાલન કરવું તેનું વર્ણન ગૃહ્યસૂત્રમાં જોવા મળે છે. શુલ્બસૂત્રમાં ભવનો, યજ્ઞભૂમિ અને વેદિકાઓની માપન સંબંધી નિયમોની વ્યવસ્થા છે.

વેદો ફકતત ભારતીય સમાજમાં પ્રસિદ્ધિ પામ્યા તેવું નથી, વિ ના લોકોએ પણ વેદોના અમૂલ્ય તત્ત્યવજ્ઞાનને સ્વીકાર્યું છે. ભારતીય પરંપરા અનુસાર જીવનમાં વેદ અપૌરુષેય છે. સદીઓ પૂર્વે માનવ–જીવનના કલ્યાણનું સાધન બનતા આવ્યા છે. વેદોનું અધ્યયન કર્યા વિના ભારતીય જીવન–દર્શનને સમજવું અઘરું છે. વેદ શ્રેય અને પ્રેયના સાધનરૂપ છે. મનુ ભગવાને વેદોને સર્વધર્મનું મૂળ માન્યા છે. વેદમાંથી જ બધા ધર્મો પ્રગટ થયા છે.

વૈદિક સંસ્કૃત સાહિત્યમાં આધ્યાત્મદર્શનનાં ભંડારો પડયા છે. માનવનું જીવન વેદોમાં પ્રતિપાદિત થયું છે. ભારતીય લોકોનું જીવન, રીતિ પદ્ધતિ, રહેણીકરણી, ધર્મ અને આધ્યાત્મને સમજવા માટે વેદોનું અધ્યયન કરવું ખૂબ જ આવશ્યક છે. એટલા માટે વિ સાહિત્યના ઈતિહાસમાં વેદોનું સ્થાન મહત્ત્યવનું છે.

વૈદિક સાહિત્યને ચાર ભાગોમાં વહેંચવામાં આવે છે. કાળની ગણતરી પણ તેના આધારે કરવામાં આવે છે. વૈદિક સાહિત્યને ચાર વિભાગો જે આ પ્રમાણે છે.

**૧. સંહિતાગ્રંથો :**

વૈદિક સાહિત્યમાં સંહિતાગ્રંથો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો અને ઉપનિષદ્ગ્રંથોનો સમાવેશ થાય છે. તે ગ્રંથોનો વિગતવાર પરિચય મેળવીએ.

*** ઋગ્વેદ સહિતા :**

ઋગ્વેદના દસ મંડળોમાં સ્તુતિ પરક મંત્રો છે. 128 સૂકતત અને 14 છંદોમાં બધા જ મંત્રોની રચના કરવામાં આવી છે. શૌનક અનુસાર ઋગ્વેદની પાંચ શાખાઓ છે તેમાંથી કેવળ શાકલશાખા જ ઉપલબ્ધ છે. [૭] ઋગ્વેદના ૨ થી ૬ મંડળના પ્રત્યેક મંડળમાં એક જ ઋષિ અને તેના વંશનું વર્ણન આવે છે. આઠમાં કણ્વ અને તેમના પરિવારનું વર્ણન આવે છે. પ્રથમ, નવમા અને દશમાં મંડળમાં અલગ–અલગ ઋષિઓ અને તેના વંશનું વર્ણન આવે છે. તેમાં કોઇક ઋષિકાઓનું પણ વર્ણન આવે છે. આમ, ઋગ્વેદ સંહિતામાં ઉપરોકતત વર્ણન જોવા મળે છે.

*** યજુર્વેદ સહિતા :**

યજુર્વેમાં યજ્ઞ–યાગ સબંધિત મંત્રોનો સમૂહ છે. આ વેદના બે રૂપો પ્રાપ્ત થાય છે. શુકતલ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ. શુકતલ યજુર્વેદની બે શાખાઓ છે. માધ્યન્દિની અને કણ્વ. માધ્યન્દિની શાખાઓ પ્રચાર ઉત્તર ભારતમાં વધારે જોવા મળે છે. તથા કણ્વ શાખાનો પ્રચાર દક્ષિણ ભારતમાં વધારે જોવા મળે છે. કૃષ્ણ યજુર્વેદની વર્તમાનમાં ચાર શાખાઓ છે. તૈત્તિરીય, મૈત્રાયણી, કાણ્વ અને કઠ. શુકતલ યજુર્વેદ પદ્યાત્મક છે, જયારે કૃષ્ણ યજુર્વેદમાં ગદ્ય અને પદ્ય બન્નેનું મિશ્રણ છે.

*** સામવેદ સહિતા :**

સામવેદ ગીત પ્રધાન વેદ છે. ઉદ્ગાતા યજ્ઞના સમયે તેનો ઉચ્ચ સ્વરથી ગાન કરે છે. સામવેદની વર્તમાન સમયમાં ત્રણ શાખાઓ પ્રાપ્ત થાય છે. કૌથુમ રાણાયનીય અને જૈમિનીય. તેમાં કૌથુમશાખાછે. પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક આ બન્ને શાખાઓના મંત્રો ઋગ્વેદ્માંથી લેવામાં આવ્યા છે.

*** અથર્વવેદ સહિતા :**

અથર્વવેદમાં રોગો અને તેના ઉપચાર સંબંધી મંત્રો છે. રચનાની દ્રષ્ટિએ જોઇએ તો બન્નેમાં ભિન્નતા જોવા મળે છે. અને ઉપચાર તથા મંત્ર તંત્રનો વેદ કહેવામાં આવે છે. અથર્વવેદની કેવળ બે શાખાઓ પ્રાપ્ત થાય છે. શૌનક અને પૈપલાદ. આમાં શૌનક શાખા જ સૌથી વધારે પ્રસિદ્ધ છે. શૌનક શાકલ શાખામાં ઋગ્વેદના જ મંત્રો વધારે જોવા મળે છે.

**૧. બ્રાહ્મણ–સાહિત્ય :**

વૈદિક સંસ્કૃત સાહિત્યમાં સંહિતાઓ પછી બ્રાહ્મણ સાહિત્યનું સ્થાન આવે છે. બ્રાહ્મણ એટલે મંત્રો અને તેના વિનિયોગની વ્યાખ્યા આપવામાં આવી હોય છે તે. 'બ્રહ્મ' નો એક અર્થ યજ્ઞ પણ થાય છે.

તેથી યજ્ઞનું પ્રતિપાદન કરતા હોવાથી તેને બ્રાહ્મણ નામે ઓળખવામાં આવે છે. બ્રાહ્મણ ગ્રંથો ગદ્યાત્મક તથા વિવરણાત્મક છે. આમ બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞની વિસ્તૃત માહિતી, કર્મકાંડના વિધિ–વિધાનો તથા તેના પરસ્પરના સબંધો ઉપર કરવામાં આવ્યો છે. વિ સાહિત્યમાં ઉપલબ્ધ ધાર્મિક ગ્રંથોમાં બ્રાહ્મણગ્રંથો સૌથી પ્રાચીન માનવામાં આવે છે. પ્રાચીન ભારતીયોના ધર્મ અને દર્શનના ઈતિહાસને સમજવા માટે બ્રાહ્મણ–ગ્રંથો ખૂબ ઉપયોગી થાય છે.

બ્રાહ્મણ સાહિત્ય ખૂબ જ વિશાળ છે. તેમાં જુદા–જુદા ઘણાં બધા વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બ્રાહ્મણોના વિષયોને ત્રણ વર્ગોમાં વહેંચવામાં આવ્યા છે. વિધિ, અર્થવાદ અને ઉપનિષદ. વિધિભાગ યજ્ઞ–વિષયક પ્રયોગાત્મક નિયમોનું પ્રતિપાદન કરે છે. અર્થવાદમાં ઉપખ્યાનો અને પ્રશંસાત્મક કથાઓ દ્વારા પ્રયોગવિધાનનું સૂક્ષ્મ રહસ્ય સમજાવ્યું છે. ઉપનિષદમાં આધ્યાત્મિક અને દાર્શનિક વિચારોનું વિવેચન છે.

*** બ્રાહ્મણગ્રંથોનું વિષયવસ્તુ :**

વાચસ્પતિ મિશ્રએ મંત્રોનો વિનિયોગ, નિર્વચન, પ્રયોજન, અર્થવાદ અને વિધિને બ્રાહ્મણોનો મુખ્ય વિષયો કહ્યા છે. [૮]

• **વિધિ :** વિધિની અંદર યજ્ઞીય વિધિયો અને અનુષ્ઠાનોનું નિરૂપણ છે. તાડ્ય બ્રાહ્મણમાં 'બહિષ પવમાન' માટે અધ્વર્યુ, પ્રસ્તોતા, ઉદ્‌ગાતા, પ્રતિહર્તા અને બ્રહ્મા આ પાંચ ઋત્વિજોના પ્રસર્પણ વિધાન છે. આમા એકબીજાની પાછળ પંકિતત ગોઠવવાનો નિયમ છે. નિયમ તૂટતા પદને હાનિ થવાનો સંભવ છે. શતપથ બ્રાહ્મણમાં યજ્ઞીય વિધિ–વિધાનોનો ભંડાર છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં મંત્રોના વિનિયોગનું વિધાન પણ બતાવવામાં આવ્યું છે. કથા મંત્રનો પ્રયોગ કયા ઉદ્દશ્યની સિદ્ધિ માટે કરવામાં આવ્યો છે તેનું વિવેચન કરવામાં આવ્યું છે. જેવી રીતે "आ नो मित्रावरूणा" આ મંત્રનો ગાવાનો વિનિયોગ લાંબી માંદગી ધરાવનાર રોગીના રોગ નિવારણ માટે છે. કારણ કે મિત્ર દિવસનો દેવતા હોવાના કારણે પ્રાણનલ પ્રતીક મનાય છે. વરૂણ રાત્રિનો દેવતા હોવાના કારણે અપાનનો પ્રતીક મનાય છે. દીર્ઘરોગીના શરીરમાં મિત્રાવરુણની હાજરી પ્રાણાપાન વાયુના ધારણનો સંકેત છે. તેથી આ વિનિયોગ સયુકિતતક છે.

• **હેતુ :** કર્મકાંડની વિશેષ વિધિ માટે જે કારણ બતાવવામાં આવે છે તેને 'હેતુ' કહેવામાં આવે છે. બ્રાહ્મણગ્રંથોમાં યજ્ઞીય વિધિ–વિધાન માટે ઉચિત અને યોગ્ય કારણોનો નિર્દેશ છે. અગ્નિષ્ટોમ યાગમાં ઉદ્‌ગાતા મંડપમાં ઉદુમ્બર વૃક્ષની ડાળીનું ઉચ્છ્રપણ કરે છે. તેનું કારણ છે કે પ્રજાપતિએ દેવોને માટે ઉર્જાનો ભાગ કર્યો તેથી ઉદુમ્બર વૃક્ષની ઉત્ત્યપતિ થઈ. માટે ઉદુમ્બર વૃક્ષના દેવતા પ્રજાપતિને માનવામાં આવે છે. ઉદ્‌ગાતાનો સંબંધ પણ પ્રજાપતિ સાથે છે, આથી ઉદ્‌ગાતા ઉદુમ્બરની ડાળીનું ઉચ્છ્રપણ કરે છે.

દ્રોણ કલશની ઉત્ત્યપતિનું કારણ પણ આગળ દર્શાવવામાં આવ્યુ છે. દ્રોણ કલશ રથની નીચે રાખવાનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. પ્રજાપતિને પ્રજા–સૃષ્ટિની ઉત્ત્યપતિમાં કામના રહે છે અને તેના મસ્તિષ્કમાંથી આદિત્યની ઉત્ત્યપતિ થઇ. તેમણે પ્રજાપતિનું માથું કાપી નાખ્યું, તેનાથી દ્રોણ–કલશની ઉત્ત્યપતિ થઇ. તેમાં દૈદીપ્યમાન સોમરસનું પાન કરીને દેવતાઓએ દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ કરી. આમ બીજી પણ ઘણી બધી વિધિઓનો નિર્દેશ બ્રાહ્મણોમાં જોવા મળે છે.

• **અર્થવાદ :** અર્થવાદમાં ઉપાખ્યાનો અને પ્રશંસાત્મક કથાઓ દ્વારા યજ્ઞીય પ્રયોગોનું મહત્ત્યવ પ્રતિપાદિત કરવામાં આવે છે. યજ્ઞ વિશેષ માટે કઇ કઇ વિધિઓની જરૂર પડે અને તેમાંથી કયા ફળની પ્રાપ્તિ થાય ? તે વિષયોનો નિર્દેશ અર્થવાદની અંદર આવે છે. તથા આનાથી વધારે યજ્ઞોમાં નિષિદ્ધ પદાર્થોની નિંદા તથા વિધિઓ, અનુષ્ઠાનો અને દેવોની પ્રશંસા પરક વાકતય પણ અર્થવાદની અંદર આવે છે. યજ્ઞમાં ભાષા વર્જિત છે. તાડ્ય બ્રાહ્મણમાં અગ્નિષ્ટોમને બધા યજ્ઞોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ પ્રકારે અનેક પ્રશંસા પરક વચન બ્રાહ્મણગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.

• **નિર્વચન :** બ્રાહ્મણગ્રંથોમાં અલગ–અલગ જગ્યાએ શબ્દોના નિર્વચનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જે ભાષા–શાસ્ત્રની દ્રષ્ટિએ ખૂબ જ ઉપાદેય છે. આમ બ્રાહ્મણગ્રંથોમાં અલગ–અલગ શબ્દોની ઉત્ત્યપતિ વિશે ઉદાહરણ સહિત સમજૂતી આપવામાં આવી છે.

• **આખ્યાન :** બ્રાહ્મણગ્રંથોમાં અનેક રોચક અને મહત્વપૂર્ણ આખ્યાન પ્રાપ્ત થાય છે. જેનો ઉદ્દેશ્ય વિધિ–વિધાનોના સ્વરૂપની વ્યાખ્યા કરવાનો છે. આખ્યાન યજ્ઞીય કર્મકાંડોના હેતુ વગેરે વિધિઓની સ્પષ્ટ વ્યાખ્યા કરે છે પરંતુ કતયારેક આ આખ્યાનોમાં ઘણી બધી મહત્ત્યવપૂર્ણ વાતો પણ મળી આવે છે. બ્રાહ્મણ ગ્રંથોને સરસ અને રસપૂર્ણ બનાવવામાં આ આખ્યાનોનું વિશેષ પ્રદાન રહેલું છે.

બ્રાહ્મણ ગ્રંથોમાં સાચી સંસ્કૃતિ બતાવવામાં આવી છે. બ્રાહ્મણ સંસ્કૃતિમાં સંસ્કૃતિનો આધાર યજ્ઞ છે અને બ્રાહ્મણમાં યજ્ઞને સર્વશ્રેષ્ઠ બતાવ્યો છે. બધા જ કર્મોમાં શ્રેષ્ઠત્તમ હોવાને કારણે યજ્ઞ બધામાં ઉત્તમ ધર્મ છે. વિ ના દેવતા પ્રજાપતિ યજ્ઞરૂપ છે અને આકાશમાં પ્રકાશમાન સૂર્ય પણ યજ્ઞરૂપ છે. સંપૂર્ણ વિ ને તથા માનવ જાતિને ઉન્નત અને પાવન બનાવનાર યજ્ઞ જ છે. બ્રાહ્મણકાળમાં યજ્ઞની જ સૌથી વધારે માન્યતા હતી. તે સમયે બધા જ લોકો યજ્ઞને પોતાનો પરમ ધર્મ સમજતા હતા.

### * ઋગ્વેદના બ્રાહ્મણગ્રંથો :–

વિ ના સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં બે બ્રાહ્મણ ગ્રંથોના સમાવેશ થાય છે. ઐતરેય બ્રાહ્મણ અને કૌષિતકિ બ્રાહ્મણ. તેમાં ઐતરેય બ્રાહ્મણ ખૂબ જ પ્રસિદ્ધ છે. સર્વ પ્રથમ માર્ટિન હાગએ ૧૮૬૩ ઇ.સ. માં અંગ્રેજી અનુવાદમાં તેનું પ્રકાશન કર્યું હતું. ત્યાર પછી ઇ.સ. ૧૮૭૯ માં આફરેટએ સાયણનાં ભાષ્યની સાથે તે સંસ્કરણને પ્રકાશિત કર્યું હતુ.

## ૧. ઐતરેય બ્રાહ્મણ :

ઐતરેય બ્રાહ્મણમાં ચાલીસ અધ્યાય છે. પાંચ અધ્યાયોની એક પંચિકા અને દરેક અધ્યાયમાં કંડિકા છે. આમ કુલ આઠ પંચિકા, ચાલિસ અધ્યાય અને ૨૮૫ કંડિકાઓ છે. ઐતરેય બ્રાહ્મણનો મુખ્ય ભાગ સોમયાગ સાથે સંબંધ રાખે છે. પહેલી અને બીજી પંચિકાઓ એક દિવસમાં પૂર્ણ થાય તેવા 'અગ્નિષ્ટોમ' નામના સોમયાગમાં વિધિ–વિધાનો અને કર્તવ્યોનું વર્ણન છે. ત્રીજી અને ચોથી પંચિકામાં પ્રાતઃ સવન, માધ્યન્દિન સવન, સાયં સવન વિધિની સાથે અગ્નિહોત્રનો પ્રયોગ બતાવવામાં આવ્યો છે. સાથે અગ્નિષ્ટોમની વિકૃતિ, અતિરાગ અને ષોડસી નામના યજ્ઞોના સંક્ષિપ્ત વર્ણન જોવા મળે છે.

ઐતરેય બ્રાહ્મણની પાંચમી પંચિકામાં બાર યજ્ઞો અને છઠ્ઠી પંચિકામાં સપ્તાહો સુધી ચાલતા સોમયાગો તેમના હતા તથા તેના સહાયક ઋત્વિજોનાં કાર્યોનું વિવેચન છે. સાતમી પંચિકામાં રાજસૂર્ય યજ્ઞ તથા શૂનઃશેપના આખ્યાનનું વર્ણન છે. આઠમી પંચિકામાં ઐતિહાસિક વિવરણ છે.

ઐતરય બ્રાહ્મણમાં ઈન્દ્રને બધા જ દેવોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. તે બધાની શકિતતશાળી અને સાહસી છે. [૯]જન્મથી જ બ્રાહ્મણ ઉપર ત્રણ ઋણ હોય છે. દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. આ ત્રણ ઋણોનું શમન યજ્ઞ અથવા પુત્રોત્પત્તિ દ્વારા થાય છે. ત્યાર પછી ઐતરેય બ્રાહ્મણોમાં કહેવામાં આવ્યું છે કે અન્ન જ પ્રાણ છે. વસ્ત્ર જ પરિરક્ષા છે. સુવર્ણ જ સૌંદર્ય છે. પશુપ્રાપ્તિનું સાધન વિવાહ છે. પત્ની મિત્ર છે અને પુત્ર આકાશની જયોતિ છે. સ્ત્રીનું મહત્વ બતાવતા નારીને પુરુષની અર્ધાઙ્ગિની માનવામાં આવે છે. આમ, પ્રાચીન કાળમાં નારીનું મહત્ત્યવ હતું તે ઉપરના દ્રષ્ટાંત પરથી જાણવા મળે છે.

**૨. કૌષિતકી બ્રાહ્મણ :** ઋગ્વેદને સબંધિત બીજો બ્રાહ્મણ ગ્રંથ કૌષીતકિ તથા શાંખાયન છે. આ શાંખાયન શાખાનું બ્રાહ્મણ છે. એટલે શાંખાયન બ્રાહ્મણ કહે છે. કૌષીતકિ બ્રાહ્મણનું પ્રથમ સમ્પાદન ૧૮૮૭ માં લિન્ડરનરએ કર્યું હતુ. ઇ.સ. ૧૯૨૦ માં એ.બી. કીથએ અંગ્રેજી અનુવાદ સાથે પ્રકાશન કર્યું હતું. કૌષીતકિ બ્રાહ્મણમાં ત્રીસ અધ્યાય છે. પ્રત્યેક અધ્યાયમાં પાંચથી સત્તર ખંડ છે. કુલ ખંડોની સંખ્યા ૨૨૬ છે.

કૌષીતકિ બ્રાહ્મણમાં પ્રથમ છ અધ્યાયમાં અગ્હિોત્ર, અગન્યાધાન, દર્શપૌર્ણમાસ અને ઋતુયજ્ઞનું વર્ણન છે. સાતથી ત્રીસ અધ્યાયમાં સોમયાગ મુખ્ય વિષય છે. આનો પ્રતિપાદ્ય વિષય ઐતરેય બ્રાહ્મણ જેવો છે. કૌષીતકિ બ્રાહ્મણમાં એક જ વ્યકિતતની રચના હોવાનું પ્રતીત થાય છે. સાતમા અધ્યાયમાં વિષ્ણુને ઉચ્ચકોટિના દેવતા માન્યા છે. આના અધ્યાયમાં શિવના ઇશાન, મહાદેવ, રૂદ્ર, પશુપતિ અને ભવ વગેરે નામોનો ઉલ્લેદ છે. ત્રીજા અધ્યાયમાં શુનઃશેપનું આખ્યાન વર્ણિત છે. આ ગ્રંથના પ્રધાન વકતતા કૌષીતકિ ઋષિ હતા.

***  યજુર્વેદના બ્રાહ્મણગ્રંથો :**

યજુર્વેદની બે શાખાઓ છે – કૃષ્ણ યજુર્વેદ અને શુકતલ યજુર્વેદ. કૃષ્ણ યજુર્વેદની કાઠક અને મૈત્રાયણી સંહિતાઓનાં બ્રાહ્મણ તો સંહિતાઓમાં સમ્મિલિત છે. મૈત્રાયણી સંહિતાનું કોઇ બ્રાહ્મણ ગ્રંથ નથી પરંતુ તેનો ચોથો અધ્યાય એક પ્રકારે બ્રાહ્મણ જ છે. કેવળ તૈત્તિરીય સંહિતાનો તૈત્તિરીય બ્રાહ્મણ સ્વતંત્ર બ્રાહ્મણ ગ્રંથના રૂપમાં ઉપલબ્ધ છે.

**૧. તૈત્તિરીય બ્રાહ્મણ :**

કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખામાં આ તૈત્તિરીય બ્રાહ્મણ આવે છે. તેનું પ્રથમ સંસ્કરણ ૧૮૯૦ માં કલકત્તામાં પ્રકાશિત થયું હતું. બીજું સંસ્કરણ ૧૮૯૯ માં પૂનામાં પ્રકાશિત થયુ હતુ. તેના ઉપર સાયણનું ભાષ્ય પ્રાપ્ત થાય છે. તૈત્તિરીય બ્રાહ્મણમાં કુલ ત્રણ કાંડ છે.

તૈત્તિરીય બ્રાહ્મણમાં પ્રથમ કાંડમાં અગ્ન્યાધાન ગવામયન, વાજયેય, રાજસૂય સોમયાગ અને નક્ષત્રેષ્ટિનું વર્ણન છે. બીજા કાંડમાં અગ્નિહોત્ર, સૌત્રામણિ, બૃહસ્પતિ, અને સવ વગેરે નાનાવિધ સૂત્રોનું વર્ણન છે. આમા અનેક ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. ત્રીજા કાંડમાં નક્ષત્રેષ્ટિનું વર્ણન વિસ્તારપૂર્વક પ્રયોજવામાં આઝયું છે. ચોથા પ્રપાઠકમાં પુરૂષમેઘ યજ્ઞનું વર્ણન છે જે કૃષ્ણયજુર્વેદની સંહિતામાં પ્રાપ્ત થતું નથી. આ કાંડના અંતિમ ત્રણ પ્રપાઠક કઠ શાખા સાથે સંબદ્ધ છે. તૈત્તિરીય બ્રાહ્મણના ત્રીજા કાંડના પ્રપાઠક આઠ અને નવમા અ  મેઘ યજ્ઞનું વર્ણન છે. આ અ  મેઘ યજ્ઞ કેવળ ક્ષત્રિયો માટે જ હતો.

**૨. મૈત્રાયણી બ્રાહ્મણ :**

કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી સંહિતાનો કોઇ સ્વતંત્ર બ્રાહ્મણ ગ્રંથ નથી. પરંતુ તેનો ચોથો અધ્યાય જ બ્રાહ્મણ ગ્રંથ મનાય છે. મૈત્રાયણી બ્રાહ્મણમાં ત્રણ અધ્યાય છે.

**૩. શતપથ બ્રાહ્મણ :**

શતપથ બ્રાહ્મણને શુકતલ યજુર્વેદ સાથે સંબંધ છે. આ બ્રાહ્મણમાં ૧૦૦ અધ્યાય હોવાને કારણે તેનું નામ શતપથ પડ્ું છે. શુકતલ યજુર્વેદની બે શાખાઓ છે કાણ્વ અને માધ્યંદિન અને બન્ને બ્રાહ્મણોનું નામ 'શતપથ' છે. કાણ્વ શાખીય શતપથ બ્રાહ્મણનું સમ્પાદન આચાર્ય જે એગલિંગ એ કર્યું છે. માધ્યન્દિન શાખીય શતપથ બ્રાહ્મણનું પ્રથમ પ્રકાશન આચાર્ય બેવરે ઇ.સ. ૧૮૫૫ માં કર્યું હતુ. ત્યાર પછી બીજું સંસ્કરણ ઇ.સ. ૧૯૧૨ માં સત્યવ્રત સામશ્રમીજીએ સાયણ ભાષ્યની સાથે પ્રકાશિત કર્યું હતું.

પ્રાચીન બ્રાહ્મણ સાહિત્યમાં શતપથ બ્રાહ્મણનું સ્થાન મહત્ત્યવનું છે. કાણ્વ શાખીય શતપથ બ્રાહ્મણમાં ૧૭ કાંડ, ૧૦૪ અધ્યાય, ૪૩૫ બ્રાહ્મણ અને ૬૮૦૬ કંડિકાઓ છે. માધ્યન્દિ શતપથ બ્રાહ્મણમાં ૧૪ કાંડ ૧૦૦ અધ્યાય ૬૮ પ્રપાઠક ૪૩૮ બ્રાહ્મણ અને ૭૬૨૪ કંડિકાઓ છે. વિષયની સમાનતા હોવા છતા પણ

બન્નેના વર્ણનક્રમ, અધ્યાયો, બ્રાહ્મણો અને કંડિકાઓમાં પર્યાપ્ત અંતર છે. કાણ્વશાખીય શતપથ બ્રાહ્મણમાં પ્રપાઠક નામનું ઉપખંડ નથી.

શતપથ બ્રાહ્મણ ગ્રંથમાં વિવિધ વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શતપથ બ્રાહ્મણનાં પ્રથમ કાંડમાં દર્શપૂર્ણમાસ ઇષ્ટિયોનું વર્ણન છે. દર્શઇષ્ટિ દરેક અમાસમાં પ્રતિપદાને દિવસે પૂર્ણ થતી અને પૂર્ણમાસ ઇષ્ટિ પૂર્ણિમાના બીજા દિવસે પ્રતિપદાના દિવસે પૂર્ણ થાય છે. બિજા કાંડમાં અગ્નિહોત્ર, પિંડપિતૃયજ્ઞ, આગ્રાયણ અને ચાતુર્માસસ્ય વર્ણન છે. ત્રીજા અને ચોથા કાંડમાં સોમયાગનું વર્ણન છે. સોમયાગમાં સોમલતાનો રસ કાઢી તેમાં ગાયનું દૂધ અને મધ મેળવીને દેવતાઓને ચઢાવવામાં આવે અને અગ્નિમાં હવન કરવામાં આવે છે. પ્રકૃતિયાગનું વર્ણન ત્રીજા કાંડમાં અને વિકૃતિયાગનું વર્ણન ચોથા કાંડમાં આવે છે.

શતપથ બ્રાહ્મણનાં પાંચમાં કાંડમાં રાજસૂય અને સોમયાગનું વર્ણન છે. રાજસૂય યજ્ઞ એક મહત્વપૂર્ણ યજ્ઞ હતો અને અભિષેક કરેલ રાજાઓ જ તે યજ્ઞ કરી શકતા હતા. છઠ્ઠા કાંડથી લઇને દશમાં કાંડ સુધી અગ્નિચયનનું વર્ણન છે. આ કાંડોમાં શાંડિલ્યનું પ્રમાણ સ્વીકૃત છે. આ કાંડોમાં ગાંધાર, કૈકય, શાલ્વ વગેરે જનપદોના નામોનો ઉલ્લેખ છે. અગીયારમાં કાંડમાં દશપૂર્ણમાસ, પંચમહાયજ્ઞ, પશુબંધ વિધાનોનું વર્ણન છે. બારમાં કાંડમાં દ્વાદશસત્ર, સંવતસરસત્ર, સૌત્રમણિ, અન્ત્યેષ્ટિ વગેરેનું વિસ્તૃત વિવેચન છે.

શતપથ બ્રાહ્મણના તેરમાં કાંડમાં અ  મેઘ સુધી, નારમેઘ, સર્વમેઘ અને પિતૃમેઘનું વર્ણન છે. ચૌદમાં કાંડમાં 'પ્રવગ્ય' અનુષ્ઠાનનું વર્ણન છે. અન્તે આવેલા પાંચ અધ્યાય બૃહદારણ્યોપનિષદ છે જેનું વર્ણન ઉપનિષદોના વર્ણન પ્રસંગમાં કરવામાં આવે છે.

શતપથ બ્રાહ્મણ બધા જ બ્રાહ્મણ સાહિત્યમાં શિરમોર છે. તે વિશાળતાને લીધે પ્રસિદ્ધ છે. શતપથ બ્રાહ્મણમાં સૃષ્ટિ ઉત્પત્તિનું વર્ણન પૃથ્વીની ઉત્પત્તિ કેવી રીતે થઇ, લોકોનું સર્જન કેમ થયું તેનું વર્ણન તેમાં જોવા મળે છે. આમ, શતપથ બ્રાહ્મણ એક વિશાળ બ્રાહ્મણ છે અને તેમાં વિવિધ વિષયનું રસપૂર્ણ રીતે વર્ણન કરેલું છે.

***   સામવેદનાં બ્રાહ્મણગ્રંથો :**

સામવેદના સૌથી વધારે બ્રાહ્મણગ્રંથો પ્રાપ્ત થાય છે. સાયણાચાર્યએ આઠ બ્રાહ્મણગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે.

૧. પ્રૌઢ બ્રાહ્મણ (તાંડ્ય બ્રાહ્મણ)

૨. ષડ્વિંશ બ્રાહ્મણ

૩. સામવિધાન બ્રાહ્મણ

૪. આર્ષેય બ્રાહ્મણ

૫. દેવતાધ્યાય બ્રાહ્મણ

૬. ઉપનિષદ્ બ્રાહ્મણ

૭. સંહિતોપનિષદ બ્રાહ્મણ

૮. વંશ બ્રાહ્મણ

સામવેદની બે શાખાઓ છે તાંડ્યશાખા અને બીજી તવલ્લકાર અથવા જૈમિનિ શાખા.

**૧. પ્રૌઢ બ્રાહ્મણ(તાંડ્ય બ્રાહ્મણ) :**

તાંડિ શાખાની સાથે સંબંધ હોવાને કારણે અધ્યાયો છે 'તાંડ્યબ્રાહ્મણ' એવું નામ છે. આ બ્રાહ્મણ ગ્રંથમાં ૨૫ અધ્યાયો છે એટલાં માટે 'પંચવિંશતિ બ્રાહ્મણ' પણ કહેવામાં આવે છે. સામવેદમાં સૌથી પ્રધાન અને વિશાળ હોવાને કારણે તેને 'પૌઢ બ્રાહ્મણ' તથા 'મહા બ્રાહ્મણ' પણ કહેવામાં આવે છે. ઇ.સ. ૧૮૭૪ માં એ.સી. વેદાંત વાગીસે સાયણભાષ્યની સાથે આનું સંપાદન કર્યું હતુ. તેમાં એક દિવસથી લઈને ૧૦૦ દિવસ ચાલતા યજ્ઞોનું વર્ણન છે. સરસ્વતી અને દૃષદ્વતી નદીને કિનારે થયેલાં અનેક યજ્ઞોનું સવિસ્તાર પૂર્વક વર્ણન છે.

પૌઢ બ્રાહ્મણમાં મુખ્ય સોમયાગનું વર્ણન વધારે જોવા મળે છે. તાંડ્ય બ્રાહ્મણનાં સત્તરમાં અધ્યાયમાં વ્રાત્યોનાં વેષ–ભૂષા, આચાર–વિચારના સંબંધમાં ઘણાં બધાં વિષયોનું નિરૂપણ છે. વ્રાત્ય માથા ઉપર પાઘડી ધારણ કરતા હતા અને કાળી ધોતી પહેરતા હતા. ગળામાં ચાંદીની કંઠ હાર અને હાથમાં ધર્નુદંડ ધારણ કરતા હતા. અને સ્ત્રીઓ માથામાં વેણી બાંધતી હતી.

**૨. ષડ્વિંશ બ્રાહ્મણ :**

ષડ્વિંશ બ્રાહ્મણને ઇ.સ. ૧૮૮૧ માં જીવાનંદ વિદ્યાસાગરે પ્રથમ સંસ્કરણ રૂપે પ્રકાશિત કર્યું હતુ. આ બ્રાહ્મણનું અન્ય એક સંસ્કરણ ૧૯૬૭ માં કેન્દ્રિય સંસ્કૃત વિદ્યાપીઠ, તીરૂપતિથી પ્રકાશિત કરવામાં આવ્યુ હતુ. આ બ્રાહ્મણમાં બ્રાહ્મણોનો સંધ્યા કરવાનો સમય અહોરાત્ર બતાવવામાં આવ્યો છે. આ ખૂબ જ નાનું બ્રાહ્મણ છે. તેમાં ભૂકંપ, દુષ્કાળ, વિપત્તિઓ અને અપશુકનોના ખરાબ પરિણામથી કેમ બચી શકાય તેની વિધિ બતાવવામાં આવી છે. દેવતાઓનું હાસ્ય, નૃત્ય, ગીત, રૂદન વગેરે વિવિધ અલૌકિક ઘટનાનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે.

**૩. સામવિધાન બ્રાહ્મણ :**

સામવિધાન બ્રાહ્મણ સામવેદનું મહત્વનું બ્રાહ્મણ છે. તેનું વિષય નિરૂપણ અન્ય બ્રાહ્મણો કરતા ખૂબ જ અલગ છે. ઇ.સ. ૧૮૭૩ માં વર્નેલ એ સાય ભાષ્યની સાથે પ્રકાશિત કર્યું હતુ. આ બ્રાહ્મણમાં કુલ ત્રણ પ્રકરણ છે. વ્રત, પ્રાયશ્ચિત, પુત્ર–પ્રાપ્તિ, ઐ  ર્ય, નવગ્રહ પ્રવેશ, આયુષ્ય પ્રાપ્તિ વગેરે વિવિધ

ક્રિયાઓનું વર્ણન જોવા મળે છે. બ્રાહ્મણ વગેરેની હત્યા, ગૌહત્યા, દારૂપીવો, ગાળો આપવી, શુદ્રની સાથે વિવાહ કરવો વગેરે અપરાધો પ્રચલિત હતા. આ પાપાચરણથી છુટવા માટે બ્રાહ્મણમાં અનેક વિધાનોનું વર્ણન છે.

**૪. આર્ષેય બ્રાહ્મણ :**

આ ગ્રંથનું પ્રથમ પ્રકાશન ઇ.સ. ૧૮૭૬ માં વર્નેલ નામના વિદ્વાને કર્યું હતુ. આમા કુલ ત્રણ પ્રપાઠક અને બ્યાશી ખંડ છે. આ બ્રાહ્મણમાં સામના ઉદ્ભવક ઋષિઓનું વર્ણન છે. સામ ગાયનના પ્રચારક ઋષિઓનું પણ વર્ણન કરવામાં આવ્યુ છે જે ઐતિહાસિક દ્રષ્ટિએ અત્યન્ત મહત્વપૂર્ણ છે.

**૫. દેવતાધ્યાય બ્રાહ્મણ :**

સામવેદની સાથે સંકળાયેલ આ દેવતાધ્યાય બ્રાહ્મણ બધાથી નાનું છે. ઇ.સ. ૧૮૭૩ માં વર્નેલ નામના વિદ્વાને તેનું સંપાદન કર્યું હતુ. જીવાનંદ વિદ્યાસાગરે ૧૮૮૧ માં સાયણ ભાષ્યની સાથે પ્રકાશિત કર્યું હતુ. આ બ્રાહ્મણમાં કુલ ત્રણ ખંડ છે. દરેક ખંડમાં ઘણી બધી કંડિકાઓ છે. પ્રથમ કાંડમાં છવ્વીસ કંડિકાઓ છે. અગ્નિ, ઇન્દ્ર, સોમ, વરૂણ, સરસ્વતી, અંગીરસ, પૂષા, ત્વષ્ટા, પ્રજાપતિ વગેરે અનેક દેવતાઓનું રૂપ તથા વર્ણોપદ વર્ણન છે. ભાષા શાસ્ત્રની દ્રષ્ટિએ આ બ્રાહ્મણનું ખૂબ જ મહત્વ છે.

**૬. ઉપનિષદ્ બ્રાહ્મણ :**

ઉપનિષદ્ બ્રાહ્મણમાં દસ પ્રપાઠક છે. આ બ્રાહ્મણના બે ગ્રંથો છે. મંત્ર બ્રાહ્મણ અને છાંદોગ્ય બ્રાહ્મણ.

**૧) મંત્ર બ્રાહ્મણ :**

મંત્ર બ્રાહ્મણનું બીજું નામ છાંદોગ્ય બ્રાહ્મણ છે. સત્યવ્રત સામશ્રમીએ ઇ.સ. ૧૮૯૦ માં કલકત્તાથી ટીકાની સાથે પ્રકાશિત કર્યું હતુ. આ બ્રાહ્મણમાં કુલ બે પ્રપાઠક છે. દરેક પ્રપાઠકમાં આઠ–આઠ ખંડ છે. કુલ ૨૫૭ મંત્ર છે.

**૨) છાંદોગ્ય ઉપનિષદ્ :**

ઉપનિષદ્ બ્રાહ્મણનો બીજો ગ્રંથ છાંદોગ્ય ઉપનિષદ્ છે. ઉપનિષદ્ બ્રાહ્મણના અંતિમ આઠ પ્રપાઠક છાંદોગ્ય ઉપનિષદ્ છે.

**૭. સંહિતોપનિષદ બ્રાહ્મણ :**

સંહિતોપનિષદ બ્રાહ્મણનું બ્રાહ્મણ સાહિત્યમાં અલગ જ મહત્વ છે. ઇ.સ. ૧૮૭૭ માં વર્નેલ નામના વિદ્વાને તેનું પ્રકાશન કર્યું હતુ. આ બ્રાહ્મણમાં કુલ પાંચ ખંડ છે દરેક ખંડ સૂત્રમાં વિભકતત છે. ત્રણ પ્રકારના ગાનનું વર્ણન છે. વિધિ, સ્ત્રોમ, અનુલોમ–વિલોમ સ્વર અને અન્ય સ્વરોનું વિસ્તૃત વર્ણન છે.

**૮. વંશ બ્રાહ્મણ :**

વંશ બ્રાહ્મણ બધાથી નાનું બ્રાહ્મણ ગ્રંથ છે. ઇ.સ. ૧૮૭૩ માં વર્નેલએ તેને પ્રકાશિત કર્યું હતુ. આ

બ્રાહ્મણમાં ત્રણ ખંડ છે. આ બ્રાહ્મણમાં સામવેદના આચાર્યોની વંશ–પરંપરાનું વર્ણન છે.

***	અથર્વવેદના બ્રાહ્મણગ્રંથો :**

**૧. ગોપથ બ્રાહ્મણ :**

અથર્વવેદમાં ગોપથ બ્રાહ્મણ નામનું એક જ બ્રાહ્મણ પ્રાપ્ત થાય છે. ઈ.સ. ૧૮૭૨ માં ડૉ. રાજેન્દ્ર પાલ અને એચ. વિદ્યાભૂષણએ આનું પ્રકાશન કર્યું છે. આ બ્રાહ્મણના રચયિતા 'ગોપથ' ઋષિ છે. ગોપથ બ્રાહ્મણનાં બે ભાગ છે પૂર્વ ગોપથ અને ઉત્તર ગોપથ. પૂર્વ ગોપથમાં પાંચ પ્રપાઠક છે અને ઉત્તર ગોપથમાં છ પ્રપાઠક છે. કુલ ૨૫૮ કંડિકાઓ છે.

અ  મેઘ, અગ્નિષ્ટોમ, નરમેઘ વગેરે યજ્ઞોનું વર્ણન છે. ગોપથ બ્રાહ્મણમાં યજ્ઞો તથા તેને સંબંધી આખ્પાનોનું વર્ણન છે. દરેક માણસ ઉપર ત્રણ ઋણ છે. દેવઋણ, ઋષિઋણ અને પિતૃઋણ. બ્રાહ્મણોનું કર્તવ્ય બતાવતા તેમાં લખ્યુ છે કે બ્રાહ્મણોને ગાવાની તથા નાચવાની મનાઈ છે. કોઈપણ અનુષ્ઠાન કરતા પહેલા ૐ નું ઉચ્ચારણ કરવું જરૂરી છે.

**૩.	આરણ્યક ગ્રંથો :**

અરણ્યમાં એકાંતમાં શાંત ચિત્તે રહીને વિદ્યાઓનું જે અધ્યયન કર્યું તેને આરણ્યક કહેવાય છે. જેને અરણ્યમાં ભણાવવામાં આવતું હતુ એટલા માટે આરણ્યક કહેવામાં આવે છે. આરણ્યકનો સૂક્ષ્મ વિષય અધ્યાત્મવાદ છે. તે ગુરૂ દ્વારા અરણ્યમાં એકાંતમાં ભણાવવામાં આવે છે. નગરનું વાતાવરણ આરણ્યકોને અનુકૂળ માનવામાં આવતું ન હતુ.

**૧.	ઐતરેય આરણ્યક :**

ઐતરેય આરણ્યક ઐતરેગ બ્રાહ્મણનો જ પરિશિષ્ટ ભાગ છે. ઈ.સ. ૧૮૭૬ માં સત્યવ્રત સામશ્રમીએ સાયણભાષ્યની સાથે આનું પ્રકાશન કર્યું હતુ. ત્યારપછી એ.બી. કીથે અંગ્રેજી અનુવાદ સાથે પ્રકાશિત કર્યું હતુ. ઐતરેય આરણ્યકમાં પાંચ ભાગ છે. જેને આરણ્યક કહે છે. ઐતરેય આરણ્યકના પ્રથમ ત્રણ આરણ્યકોના પ્રણેતા મહિદાસ ઐતરેય, ચોથાના આશ્વલાયન અને પાંચમાના શૌનકઋષિ છે.

**૨.	બૃહદારણ્યક :**

શુકતલયજુર્વેદની શતપથ બ્રાહ્મણની માધ્યંદિની અને કણ્વ બન્ને શાખાના અંતિમ છ અધ્યાયોને ' બૃહદારણ્યક' કહે છે. ઈ.સ.  ૧૮૮૯ માં ઓટો વોહટ્લિંકે તેનું પહેલું વહેલું પ્રકાશન કર્યુ હતુ. આમાં આરણ્યક અને ઉપનિષદ્ બન્નેનું મિશ્રણ છે. આત્મતત્ત્યવનું વિસ્તૃત વર્ણન હોવાને કારણે તેને ' બૃહદારણ્કોપનિષદ્' ના નામે પણ ઓળખાય છે.

**૩.	શાંખાયન આરણ્યક :**

ઋગ્વેદનું બીજું આરણ્યક શાંખાયન આરણ્યક છે. જેને કૌષિતકી આરણ્યક પણ કહે છે. ઈ.સ.

૧૯૨૨ માં શ્રીધર પાઠકે સંપૂર્ણ શાખાયન બ્રાહ્મણને પ્રકાશિત કર્યું હતુ. તેમાં કુલ ૧૫ અધ્યાય અને ૧૩૭ ખંડ છે. કુરૂક્ષેત્ર, મત્સ્ય, કાશી, ઉશીનર, પાંચાલ અને વિદેહ વગેરે પ્રદેશોનું વર્ણન જોવા મળે છે.

**૪. તૈત્તિરીય આરણ્યક :**

કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાનું આરણ્યક 'તૈત્તિરીય આરણ્યક' છે. આમા દસ પ્રપાઠક છે કુલ ૧૭૦ અનુવાકો છે. અગ્નિની ઉપાસના, સ્વાધ્યાય, પાંચ યજ્ઞો વગેરેનું વર્ણન છે.

**૫. મૈત્રાયણી આરણ્યક :**

કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી શાખાનું મૈત્રાયણી આરણ્યક છે. સાત પ્રપાઠક છે. આમા પરમાત્મા અને અગ્નિને પ્રાણ કહ્યું છે. અશ્વપતિ, હરિચન્દ્ર, અમ્બરીષ વગેરે રાજાનો ઉલ્લેખ છે.

**૬. તવલ્કાર આરણ્યક :**

સામવેદની જૈમિનીય શાખાનું 'તવલ્કાર આરણ્યક' છે. આમા ચાર અધ્યાય છે. દરેક અધ્યાયમાં ઘણાં બધાં અનુવાદો છે. આ આરણ્યકમાં કેનોપનિષદ્ આવે છે.

**૭. છાંદોગ્ય આરણ્યક :**

સામવેદના તાડ્યબ્રાહ્મણનસ સાથે સંબંધ ધરાવતું આ આરણ્યક છે. છાંદોગ્ય ઉપનિષદ્નો પહેલો ભાગ છાંદોગ્ય આરણ્ય છે. 'सामन्' તથા 'ઉદ્ગીથ' ની ધાર્મિક દ્રષ્ટિએ વ્યાખ્યા કરવામાં આવી છે.

**૪. ઉપનિષદ્ ગ્રંથો :**

વૈદિક સાહિત્યમાં ઉપનિષદોનુ મહત્વપૂર્ણ સ્થાન છે. ઉપનિષદનો અર્થ થાય છે 'ગુરૂની પાસે બેસીને જ્ઞાન પ્રાપ્ત કરવું.' ઉપનિષદો જ્ઞાનના ભંડાર છે. ભારતીય સંસ્કૃતિમાં ઉપનિષદ સાહિત્યને ટોચનું તત્ત્યવજ્ઞાન માનવામાં આવે છે. ઉપનિષદોનું અમૂલ્ય તત્ત્યવજ્ઞાન ભારતીય લોકોમાં વિદ્યમાન છે. ભારતીય સંસ્કૃતિ વારસો આ ઉપનિષદોને આભારી છે. આચાર્ય શંકરની વ્યાખ્યા અનુસાર ઉપનિષદ શબ્દનો અર્થ 'બ્રહ્મવિદ્યા' છે. [૧૧] ઓલ્ડન બર્ગ ઉપનિષદનો અર્થ 'પૂજાની એક પદ્ધતિ' એવો કરે છે. જેહૌર નામના વિદ્વાન ઉપનિષદનો અર્થ 'ધ્યાનથી પ્રાપ્ત કરેલું રહસ્યાત્મક જ્ઞાન' છે.

ભારતીય પરંપરા અનુસાર ઉપનિષદની સંખ્યા ૧૦૮ માનવામાં આવે છે. દારાશિકોહએ ૫૦ ઉપનિષદોનો ફારસી અનુવાદ સાથે 'ઓપનિખત' નામનો સંગ્રહ બહાર પાડ્યો છે. આચાર્ય શંકરે દસ ઉપનિષદો ઉપર ભાષ્ય લખ્યા છે. એટલા માટે દસ ઉપનિષદો મુખ્ય માનવામાં આવે છે. દરેક વેદોમાં આ ઉપનિષદો સામેલ છે તે આ પ્રકારે છે.

*** ઋગ્વેદનાં ઉપનિષદ્ :**

૧. એતરેય ઉપનિષદ્

૨. કૌષીતકિ ઉપનિષદ્

* **શુકતલ યજુર્વેદના ઉપનિષદ્**

  ૩. ઈશોપનિષદ્

  ૪. બૃહદારણ્યક ઉપનિષદ્

* **કૃષ્ણ યજુર્વેદના ઉપનિષદ્**

  ૫. તૈત્તિરીયોપનિષદ્

  ૬. કઠોપનિષદ્

  ૭. શ્વેતાશ્વતરોપનિષદ્

  ૮. મૈત્રાયણી ઉપનિષદ્

  ૯. મહાનારાયણોપનિષદ્

* **સામવેદના ઉપનિષદ્**

  ૧૦. કેનોપનિષદ્

  ૧૧. છાંદોગ્ય ઉપનિષદ્

* **અથર્વવેદનાં ઉપનિષદ્**

  ૧૨. મુંડકોપનિષદ્

  ૧૩. માંડૂકતય ઉપનિષદ્

  ૧૪. પ્રશ્નોપનિષદ્

ભારતીય સાહિત્યની પ્રાચીન પરંપરામાં ચૌદ ઉપનિષદોનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે. આ ચૌદ ઉપનિષદો સૌથી પ્રાચીન છે તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે.

**૧. એતરેય ઉપનિષદ્ :**

આ ઉપનિષદ્નો સંબંધ એતરેય બ્રાહ્મણ સાથે છે. આમા કુલ ત્રણ અધ્યાય છે. આ ઉપનિષદ્માં વિ   ની ઉત્પત્તિ વિશે વર્ણન કરવામાં આવ્યુ છે.

**૨. કૌષીતકિ ઉપનિષદ્ :**

આ ઉપનિષદ્નો સંબંધ કૌષીતકિ બ્રાહ્મણ સાથે છે. આ ઉપનિષદ્માં કુલ ચાર અધ્યાય છે. મૃત્યુ બાદ જીવનું પ્રમાણ, દેવયાન અને પિતૃયાન નામના માર્ગોનું વર્ણન વગેરે તથા પ્રાણ, બ્રહ્મ અને પ્રાણતત્ત્યવનું વિવેચન છે.

**૩. ઈશોપનિષદ્ :**

શુકતલ યજુર્વેદની કાણ્વશાખા તથા વાજસનેયી સંહિતામાં ચાલીસમાં અધ્યાય આ ઉપનિષદ્ આવે છે. આ ઉપનિષદમાં આત્માનું વર્ણન છે. આત્માના કલ્યાણ માટે જ્ઞાન અને કર્મને મહત્વનું માનવામાં આવ્યુ છે. નિષ્કામ કર્મ કરીને સો વર્ષ જીવવાની કામના આ ઉપનિષદ્માં કરવામાં આવી છે.

**૪. બૃહદારણ્યક ઉપનિષદ્ :**

શુકતલ યજુર્વેદની સાથે આ બૃહદારણ્યક ઉપનિષદ સંબંધ ધરાવે છે. આ વિશાળ અને પ્રાચીન ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્‌ના ત્રણ ભાગ છે, અને ત્રણેના બે–બે અધ્યાય છે. અ મેઘ યજ્ઞ, પ્રાણ અને આત્માની ચર્ચા જોવા મળે છે.

**૫. તૈત્તિરીયોપનિષદ્ :**

કૃષ્ણ યજુર્વેદની તૈતિરીય શાખા સાથે આ ઉપનિષદ્ સંબંધ ધરાવે છે. આ ઉપનિષદ્‌માં ત્રણ અધ્યાય છે. જેમાં શિક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી આવે છે. વૈદિક મંત્રોના ઉચ્ચારણનાં નિયમો અને સ્નાતકો માટે ઉપયોગી શિક્ષાઓનું વર્ણન છે.

**૬. કઠોપનિષદ્ :**

કૃષ્ણયજુર્વેદની કઠ શાખા સાથે આ ઉપનિષદ સંબંધ ધરાવે છે. કઠોપનિષદમાં બે અધ્યાય અને છ વલ્લીઓ છે. આ ઉપનિષદ્‌માં યમ અને નચિકેતાનો સંવાદ આવે છે. નચિકેતા યમ પાસે આત્મજ્ઞાન મેળવે છે.

**૭. શ્વેતાશ્વતરોપનિષદ્ :**

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદ સાથે સંબંધ ધરાવે છે. આ ઉપનિષદ્‌માં કુલ છ અધ્યાય છે. પરમાત્મા સાક્ષાત્કાર, યોગનું વિસ્તૃત વર્ણન, સાંખ્ય અને શૈવ સિદ્ધાંતોનું વિવેચન અને ગુરૂભકિતતનું વર્ણન આવે છે.

**૮. મૈત્રાયણી ઉપનિષદ્ :**

આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણી સંહિતા સાથે સંબંધ ધરાવે છે. આમાં કુલ સાત અધ્યાય છે. આત્મા ભૌતિક શરીરમાં કેવી રીતે પ્રવેશ છે ? પરમાત્મા કેવી રીતે ભૂતાત્મા બને છે ? દુઃખદાયક સ્થિતિમાં કયા પ્રકારે મુકિતત મેળવી શકાય છે ? આમ ત્રણ પ્રશ્નોનું વિવરણ અને તેના ઉત્તરો આ ઉપનિષદ્‌ત્રયમાં આપેલા છે.

**૯. મહાનારાયણોપનિષદ્ :**

આ ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદ સાથે સંબંધ ધરાવે છે. આ ઉપનિષદ્‌માં કુલ ૬૪ અનુવાદો છે. આ ઉપનિષદ્‌માં આત્માનું વર્ણન આવે છે.

**૧૦. કેનોપનિષદ :**

આ ઉપનિષદ સામવેદ સાથે સંબંધ ધરાવે છે. આના બે ભાગ છે. દરેક ભાગમાં બે ખંડ છે. ઉપાસ્ય બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ વચ્ચે અંતર બતાવવામાં આવ્યુ છે. તથા બ્રહ્મના રહસ્યમય સ્વરૂપ વિશે વિવેચન છે.

**૧૧. છાંદોગ્ય ઉપનિષદ્ :**

આ ઉપનિષદ્ સામવેદ સાથે સંબંધ ધરાવે છે. આ ઉપનિષદ્‌માં કુલ આઠ અધ્યાય છે. તથા અનેક

ખંડ આવેલા છે. આમાં ગૂઢ દાર્શનિક તત્ત્યવોનું વિવેચન છે.

**૧૨. મુંડકોપનિષદ્ :**

આ ઉપનિષદ્ અથર્વવેદની શૌનક શાખા સાથે સંબંધ ધરાવે છે. આ ઉપનિષદ્માં ત્રણ મુંડક છે દરેકના બે–બે ખંડ છે. આમાં બ્રહ્મવિદ્યાના ઉપદેશનું વર્ણન છે. તથા પરા અને અપરા વિદ્યાઓનું વર્ણન છે.

**૧૩. માંડૂક્તય ઉપનિષદ્ :**

આ એક લઘુ ઉપનિષદ્ છે. તેમાં કુલ બાર વાકતય છે. આ ગદ્યાત્મક છે. આ ઉપનિષદ્માં ૐ કારનું રહસ્ય વર્ણવવામાં આવ્યુ છે.

**૧૪. પ્રશ્નોપનિષદ્ :**

અથર્વવેદની પિપ્પલાદ શાખા સાથે સંબંધ ધરાવે છે. સુકેશા, ભાર્ગવ, આશ્વાલાયન, સત્યકામ, સૌર્પાયણી અને કબંધી આ ઋષિ મહર્ષિ પિપ્પલાદ પાસે આધ્યાત્મ વિશે પ્રશ્નો પૂછે છે.

### ૩. ષડ્વેદાંગો :

વેદો ભારતીય સંસ્કૃતિ અને સાહિત્યના મૂળ ઉદ્‌ગમ સ્થાન છે. ધર્મ, વિજ્ઞાન, દર્શન, જ્ઞાન વગેરે બધુ જ વેદોમાંથી ઉત્પન્ન થયુ છે. સંસ્કૃત સાહિત્યમાં સૂત્રોનું ખૂબ જ મહત્વ રહેલું છે. વેદાંગ, ધર્મસૂત્ર, કલ્પસૂત્ર, ગૃહ્યસૂત્ર અને શુલ્બસૂત્ર વગેરે સૂત્રશૈલીનું સાહિત્ય છે. આ ઉપરોકતત સાહિત્યમાં ધર્મ વિશેની ગૂઢ સમજ, ગૃહ એટલે કે પરિવારમાં કેવી રીતે રહેવું તેમાં કેવા કેવા નિયમો હોય છે તેનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. સામાજિક જીવનમાં નિયમો, રીતિ–રિવાજ, ધાર્મિક ક્રિયાઓ, આચાર–વિચાર, રાજાઓનું કર્તવ્ય વગેરેનું વિવેચન જોવા મળે છે.

ભારતીય સંસ્કારોમાં સોળ સંસ્કારની વિધિ કરવામાં આવે છે. જન્મથી મૃત્યુ સુધીમાં આ સોળ સંસ્કાર સ્થાપિત કરવામાં આવે છે. તે ઉપરાંત ગૃહનિર્માણ, પશુપાલન, કૃષિવિદ્યા, આચાર–વ્યવહાર, જાદુ–ટોણાં, અપશુકનનું નિવારણ વગેરેનું વિસ્તારપૂર્વક વર્ણન જોવા મળે છે. તે ઉપરાંત રસ્સી દ્વારા માપવામાં આવતી વેદોનું વર્ણન આવે છે. તથા યજ્ઞસ્થાનનું નિર્માણ કેવી રીતે કરવું તેનું વર્ણન આવે છે. આમ, સૂત્રશૈલીનું સંસ્કૃત સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન રહેલું છે.

ભારતીય સંસ્કૃત સાહિત્યમાં જેનું વિશિષ્ટ સ્થાન રહેલું છે તેવા ઉપનિષદ્દોમાં બે પ્રકારની વિદ્યાઓનો ઉલ્લેખ છે, પરા અને અપરા વિદ્યા. પરાવિદ્યા તેને કહેવાય છે જેનાથી અક્ષર બ્રહ્મનું જ્ઞાન થાય છે. અપરાવિદ્યાની અંદર ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. તેની અંદર શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂકતત, છંદ અને જયોતિષનો ઉલ્લેખ છે. આ છ ને વેદાંઙ્ગ પણ કહેવામાં આવે છે.

વેદનું સ્વરૂપ અને અર્થજ્ઞાન માટે શિક્ષા તત્ત્યવની આવશ્યકતા છે. કર્મકાંડ અને યજ્ઞીય અનુષ્ઠાન માટે કલ્પ, શબ્દરૂપ જ્ઞાન માટે વ્યાકરણ, પદોનાં નિર્વચન માટે નિરૂકતત, છંદોના જ્ઞાન માટે છંદ અને નક્ષત્ર, તિથિ, મહિનાઓનાં જ્ઞાન માટે જયોતિષશાસ્ત્રની આવશ્યકતા રહે છે. આ બધા વેદાંઙ્ગ માટે જાણીતા છે. પાણિનીય શિક્ષામાં વેદને પુરુષના રૂપમાં કલ્પના કરીને તેના છ અવયવો બતાવ્યા છે.

> छन्दः पादौ तु वेदस्य हस्तो कल्पोऽथ पठयते ।
> ज्योतिषामयनं चक्षुर्निरूक्तं श्रोत्रमुच्यते ।।
> शिक्षा ध्राणं तु वेदस्य मुखं व्याकरणं स्मृतम् ।
> तस्मात् साङ्गमघीत्यैव ब्रह्मलोके महीयते ।। [१२]

**૧) છંદશાસ્ત્ર** :વેદના છ અંગોમાં છંદને વેદના પગ કહ્યા છે. છંદોના જ્ઞાન વિના વૈદિક મંત્રોનું શુદ્ધ ઉચ્ચારણ થઇ શકે નહીં. યાસ્ક મુનિએ છંદની ઉત્પત્તિ छद् ધાતુમાંથી થઇ છે. અને તેનો અર્થ આચ્છાદિત કરવું એવો થાય છે. વૈદિક છંદોમાં અક્ષરોની ગણના કરવામાં આવે છે. જે અક્ષરોનું પરિમાણ છે, તે છંદ છે. વૈદિક છંદમાં પાદસંખ્યા નકતકી નથી હોતી. વેદમાં કેટલાંક છંદ એવા છે કે જે કેવળ અક્ષર સંખ્યા પર આધારિત છે.

છંદશાસ્ત્રના પ્રવર્તક આચાર્ય પિંગલ છે. તેના રચેલા ગ્રંથમાં કુલ આઠ અધ્યાય છે એકથી સાત અધ્યાય સુધી વૈદિક છંદો તથા ત્યાર પછી લૌકિક છંદોનું વર્ણન છે. વૈદિક છંદોની કુલ સંખ્યા છવ્વીસ છે. આમાં શરૂઆતમાં પાંચ તથા છેલ્લા સાત છંદ વેદોમાં નથી. શરૂઆતનાં પાંચ છંદ ગાયત્રી પૂર્વ પંચક નામથી પ્રસિદ્ધ છે.

**૨) કલ્પસૂત્ર :** વૈદિક વાઙમયના વિકાસમાં કલ્પસૂત્રોનું મહત્વનું સ્થાન છે. કલ્પસૂત્ર 'કલ્પ' અને સૂત્ર બે શબ્દોના યોગથી બને છે. વિવાહ, ઉપનયન સંસ્કાર અને યજ્ઞો વગેરેનું ક્રમ પૂર્વક વર્ણન કરતા શાસ્ત્રને કલ્પ કહે છે. સૂત્ર શબ્દનો અર્થ છે 'સંક્ષેપ' જેમાં થોડા શબ્દોમાં ઘણું બધું કહેવાની તાકાત હોય છે. કલ્પસૂત્રમાં સંપૂર્ણ ધાર્મિક નિયમો અને યજ્ઞ વિધાનના નિયમોનું સંક્ષેપમાં વર્ણન છે. કલ્પસૂત્રના મુખ્ય ચાર પ્રકાર છે. શ્રૌત્રસૂત્ર, ગૃહ્યસૂત્ર, ધર્મસૂત્ર અને શુલ્લસૂત્ર.

**૩) જ્યોતિષ :** વેદોનાં છ અંગોમાં જ્યોનિષનું સ્થાન મહત્વનું છે. પાણિની મૂનિએ જ્યોતિષને વેદપુરુષનું નેત્ર કહ્યું છે. યજ્ઞના વિધાનમાં સમય, વર્ષ, માસ, ઋતુ, પક્ષ, તિથિ, દિવસ વગેરેનું જ્ઞાન જ્યોતિષ દ્વારા જ સંભવ છે. વેદાંઙ્ગ જ્યોતિષ ભારતીય જ્યોતિષશાસ્ત્રનો પ્રાચીન ગ્રંથ છે. જ્યોતિષશાસ્ત્રનું પ્રાચીનરૂપ વૈદિક સંહિતાઓમાં પ્રાપ્ત થાય છે. સંહિતાકાળમાં જ્યોતિષશાસ્ત્રનું અસ્તિત્વ વિદ્યમાન છે. વેદોમાં સૂર્ય, ચંદ્ર અને નક્ષત્રોના સ્તુતિપરક મંત્ર ઉપલબ્ધ છે. ઋગ્વેદના એક મંત્રમાં બાર રાશીઓનું નામ આવે છે. તૈત્તિરીય સંહિતામાં બાર માસ, છ ઋતુઓ અને નક્ષત્રોના નામો આવે છે.

**૪) નિરૂકતત :** વેદના છ અંગોમાં નિરૂકતતનું સ્થાન મહત્વનું છે. નિરૂકતતશાસ્ત્ર નિઘંટુની ટીકા છે. નિઘંટુમાં વૈદિક શબ્દોનો સંગ્રહ છે અને નિરૂકતતમાં તેની વ્યાખ્યા છે. વર્ણાગમ, વર્ણવિપર્યય, વર્ણવિકાર, વર્ણનાશ અને ઘાત્વર્યનો અતિશય યોગ નિરૂકતતનો વિષય છે. નિરૂકતત વૈદિક શબ્દોનું નિર્વચન કરે છે.

**૫) શિક્ષાશાસ્ત્ર :** શિક્ષાને વેદનું નાક કહેવામાં આવે છે. શિક્ષાનો અર્થ છે શિક્ષણ. ઋગ્વેદભાષ્યમાં સાયણે કહ્યું છે કે સ્વર, વર્ણ વગેરેની ઉચ્ચારણ વિધિઓની જ્યાં શિક્ષા દેવામાં આવે છે તેને શિક્ષા કહે છે.[૧૩] 'અ' કાર વગેરે અક્ષરોને વર્ણ કહેવામાં આવે છે. વેદોના જ્ઞાન માટે સૌ પ્રથમ વર્ણોનું જ્ઞાન હોવું જરૂરી છે.

**૬) વ્યાકરણ :** વૈદિક વાઙમયમાં વ્યાકરણનું સૌથી મહત્વનું સ્થાન છે. વેદના છ અંગોમાં વ્યાકરણને વેદનું મુખ કહેવામાં આવ્યું છે. ઉત્પત્તિના આધાર પર જે પદોનું વિવેચન કરવામાં આવે તેને વ્યાકરણ કહે છે. વ્યાકરણશાસ્ત્રમાં વર્ણ, પદ, સંધિવિચાર, શબ્દ રચનાના નિયમો અને પ્રવૃત્તિ પ્રત્યયોનું વિવેચન કરવામાં આવ્યું છે. શબ્દની ઉત્પત્તિ અને અર્થજ્ઞાન માટે વ્યાકરણનું જ્ઞાન હોવું આશ્યક છે. વેદોની રક્ષા માટે વ્યાકરણનું અધ્યયન કરવું જરૂરી છે.

વૈદિક શબ્દોનાં સંબંધમાં ઉત્પન્ન થયેલો સંદેહ વ્યાકરણ દ્વારા નિરાકરણ થાય છે. વેદોમાં આવા

અનેક શબ્દો મળે છે. જેમાં અનેક પ્રકારના સમાસોની સંભાવના રહેલી છે. વ્યાકરણના અધ્યયન સિવાય અન્ય બીજા કોઇ ઉપાયથી શબ્દોનું જ્ઞાન થઇ શકે નહીં. કોઇપણ ભાષાને તેના મૂળ રૂપે જાણવી હોય તો પ્રથમ તેના વ્યાકરણને મૂળ રૂપે જાણવી જરૂરી છે. વ્યાકરણના ગહન અભ્યાસ દ્વારા ગમે તે ભાષાનાં મૂળ સુધી જઇ શકાય છે. એટલા માટે વ્યાકરણ શાસ્ત્રનું જ્ઞાન હોવું જરૂરી છે. એટલાં માટે પ્રાચીન કાળમાં વ્યાકરણશાસ્ત્રના અધ્યયનને સૌથી વધારે મહત્વ આપવામાં આવતુ હતું.

### ૪. સૂત્ર સાહિત્ય :

સંસ્કૃત સાહિત્યમાં સૂત્રોનું ખૂબ જ મહત્વ રહેલું છે. વેદાંગ, ધર્મસૂત્ર, કલ્પસૂત્ર, ગૃહ્યસૂત્ર અને શુલ્લસૂત્ર વગેરે સૂત્રશૈલીનું સાહિત્ય છે. આ સાહિત્યમાં ધર્મ વિશેની ગૂઢ સમજ, ગૃહ એટલે પરિવામાં કેમ રહેલું તેમાં કેવા નિયમોનું આચરણ કરવામાં આવે છે વગેરેનું નિરૂપણ જોવા મળે છે. સમાજના નિયમો સમાજનમાં પ્રચલિત રીતિ–રિવાજ, ધાર્મિક ક્રિયાઓ, રાજા–મહારાજાઓનું કર્તવ્ય વગેરેનું વર્ણન સૂત્ર ગ્રંથોમાં જોવા મળે છે.

### * ધર્મસૂત્રો :

ધર્મસૂત્રમાં વર્ણાશ્રમ –ધર્મ, વ્યકિતતગત આચરણ તથા રાજા તથા પ્રજાનું કર્તવ્ય વગેરેનું વર્ણન જોવા મળે છે. વર્તમાન સમયમાં બધી શાખાઓના ધર્મસૂત્રો પ્રાપ્ત થતા નથી. તેનું એકમાત્ર કારણ છે કે પ્રાચીન સમયનું સંપૂર્ણ વાઙ્મય આજ આપણી પાસે પ્રાપ્ત થતું નથી. તેનું કારણ છે કે બધી શાખાના ધર્મસૂત્રોનું પ્રણયન જ કરવામાં નથી આવ્યું કારણ કે આ શાખા દ્વારા કોઇ અન્ય શાખાના ધર્મસૂત્રને જ અપનાવવામાં આવ્યું છે. પૂર્વમીમાંસામાં કુમારિલ ભટ્ટ એ આવો જ સંકેત આપ્યો છે.

આર્યોનો રીતિ–રિવાજ વેદ વગેરે પ્રાચીન શાસ્ત્રો ઉપર આધારિત હતા. પરંતુ સૂત્રગ્રંથો આવતા સામાજિક સંસ્થાનોમાં પરિવર્તિત થઇ ગયા. અને ત્યારે આ બધા નિયમોને ક્રમબદ્ધ ગોઠવવાની આવશ્યકતા નિર્માણ થઇ. તેની જવાબદારી વૈદિક શાખાએ સંભાળી લીધી. લાંબો વિચાર વિમર્શ કરીને સૂત્રગ્રંથોનું નિર્માણ કરવામાં આવ્યું. ધર્મ સૂત્રોમાં વ્યકિતતના ધર્મ સંબંધી ક્રિયાકલાપોનો વિચાર કરવામાં આવ્યો છે. કોઇ એક ધર્મને લક્ષમાં રાખીને નહી પરંતુ સમગ્ર માનવજાતને ધ્યાનમાં રાખીને રજૂ કરવામાં આવ્યું છે.

ધર્મ શબ્દનો પ્રયોગ વૈદિક સંહિતા અન્ય સાહિત્યમાં ખૂબ થયો છે. સંહિતામાં ધર્મ શબ્દ વિસ્તૃત અર્થમાં પ્રસ્તુત થયો છે. ધર્મ શબ્દ દેશવિશેષ કાળવિશેષ ન થતા સમગ્ર પૃથ્વી વિશેષને લાગુ પાડવામાં આવ્યો છે. મેકતસમૂલર પણ ધર્મ શબ્દને વિશેષ અર્થમાં સ્વીકારે છે.

ધર્મસૂત્રના રચયિતા સમાજની દરેક સમસ્યા ઉપર વિચાર કરીને પોતાની વ્યવસ્થા આપી છે. તેઓનું લશ્ય છે કે માનવજીવન વ્યવસ્થિત ચાલી શકે તે માટે વર્ણધર્મ, આશ્રમધર્મ, રાજધર્મ, પ્રજાધર્મ, ખાનપાન, પાપ, પ્રાયશ્ચિત, જાતિ–પ્રજા, વિવાહ વગેરે વિષયો ઉપર શ્રેષ્ઠ રીતે વિવેચન કર્યુ છે. માણસ સામાજિક પ્રાણી છે. સમાજમાં રહીને તે તેનો આચાર–વિચાર, વ્યવહાર વગેરે શીખે છે.

ધર્મસૂત્રોનું ભારતીય સમાજમાં ખૂબ જ મહત્ત્યવ રહેલું છે. સામાજિક વ્યવસ્થા અનુસાર વર્ણાશ્રમધર્મના આધારે વિવિધ વિષયોનું પ્રતિપાદન કરવામાં આવ્યુ છે. ધર્મસૂત્રોમાં લગ્નના વિષયમાં વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. આઠ પ્રકારના વિવાહોને સ્વીકારવામાં આવ્યા છે. તથા વિવાહ ઉપરાંત પતિ–પત્નીની ધાર્મિક ક્રિયા વિધિઓ બતાવવામાં આવી છે. ધર્મસૂત્રોમાં વિવિધ કર્તવ્યો પાતક, મહાપાતક, પ્રાયશ્ચિત, શ્રાદ્ધ, વિવાહ તથા તેનો નિર્ણય, સાક્ષી, નાટયકર્તા, અપરાધ, દંડ, ઋણ, વ્યાજ, જન્મ–મૃત્યુ વિશેની વિચારધારા, સ્ત્રી–ધર્મ વગેરે વિષયો ઉપર વિચાર કરવામાં આવ્યો છે.

ગૌતમધર્મસૂત્ર, બૌધાયન ધર્મસૂત્ર તથા આપસ્તમ્બ ધર્મસૂત્રોને અન્ય ધર્મસૂત્રોની તુલનામાં પ્રાચીન ગણવામાં આવે છે. માનવના જીવનને નિયંત્રિત કરવા માટે મનુસ્મૃતિ, ધર્મશાસ્ત્ર ગૌતમઋષિ પ્રણિત ધર્મસૂત્રના રૂપમાં બે ગ્રંથ પ્રાપ્ત થાય છે. આમ માનવજીવનને દિવ્ય ચેતના પ્રગટ કરાવવા માટે ધર્મસૂત્રોની રચના કરવામાં આવી છે. સંપૂર્ણ સમાજની એકસૂત્રતા બક્ષવા માટે આવા ધર્મસૂત્રો ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. ગૌતમ ધર્મસૂત્ર, બોદ્ધયન ધર્મસૂત્ર, વસિષ્ઠ ધર્મસૂત્ર, આપસ્તંભ ધર્મસૂત્ર, હારિત ધર્મસૂત્ર, વિષ્ણુ ધર્મસૂત્ર, હિરણ્યકેશિ ધર્મસૂત્ર અને વૈખાનસ ધર્મસૂત્ર પ્રમુખ ધર્મસૂત્રો છે.

* **ગૃહ્યસૂત્રો :**

ગૃહ્યસૂત્ર ગૃહવિજ્ઞાનનું સૂત્રગ્રંથ છે. મોટા ભાગના સૂત્રગ્રંથો ગૌતમબુદ્ધના સમયમાં જ નિર્માણ પામ્યા છે. વિદ્વાનોએ તેનો પૂર્ણ વિકાસનો સમય ૮ મી સદી ઇ.સ. પૂ. ની વચ્ચે માનવામાં આવે છે. ગૃહ્યસૂત્રની ગણના કલ્પસૂત્રમાં કરવામાં આવે છે. અન્ય પાંચ વેદાંઙ્ગના આધારે સ્માર્ત કર્મની પ્રક્રિયા જાણી શકાતી નથી. એ પ્રકિયાઓને જાણવા માટે વ્યવસ્થિત કરવા માટે ઋષિઓએ સ્માર્ત સૂત્રોની રચના કરી છે. એ સ્માર્ત સૂત્રો દ્વારા સપ્તપાક સંસ્થા તથા સમસ્ત સંસ્કારોના વિધાન તથા તેના નિયમોનું વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે.

સામાન્ય રીતે ગૃહ કર્મોના બે વિભાગ હોય છે. પ્રથમ સપ્તપાક સંસ્થા અને બીજું સંસ્કાર શ્રોતાગ્નિ ઉપર અનુષ્ઠેય કર્મોથી અતિરિકતત કર્મ સ્માર્ત કર્મ કહેવામાં આવે છે. સપ્તપાકસંસ્થાનું અનુષ્ઠાન સ્માર્ત અગ્નિ પર વિહિત છે. તેને તે જ વ્યકિતત સંપાદિત કરી શકે છે. ગૃહ્યસૂત્ર દ્વારા પ્રતિપાદિત વિધાન અનુસાર સ્માર્ત અગ્નિનું પારિગ્રહણ કર્યું હોય. સ્માર્ત અગ્નિનું વિધાન વિવાહના સમય અથવા પૈતૃક સંપત્તિના વિભાજન સમયે થાય છે.

સંસ્કાર પાડવામાં આવે ત્યારે શુભ મુહૂર્તનું હોવું આવશ્યક છે. સંસ્કારના સમયે અગ્નિની હાજરી હોવી જરૂરી છે. તે અગ્નિ ઉપર હવન કરવામાં આવે છે. અગ્નિ અને દેવતાની વિવિધ સ્તુતિઓ અને પ્રાર્થનાઓ કરવામાં આવે છે. દેવતાઓનું આવાહન તથા પૂજન કરવામાં આવે છે. બધા જ ગૃહ્યસૂત્રના સંસ્કાર અને તેનો ક્રમ એક નથી.

ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્રની રચનાનો ઉદ્દેશ સામાજિક, પારીવારિક, રાજનીતિક અને વિધિ સંબંધી નિયમોનું નિરૂપણ છે. ગૃહ્યસૂત્રોમાં કાત્યાયન આપસ્તંભ, બોદ્ધાયન, ગોભીલ, ખાદિર અને શાંખાયન છે. તેના અલગ–અલગ સિદ્ધાંત અને સંપ્રદાય હતા. ગૃહ્યસૂત્રોમાં પારિવારિક જીવનથી સબંધિત સંસ્કારોનું વિવેચન છે. તથા તેને કેવી રીતે અપનાવવા તેનું વિધિ–વિધાન આપવામાં આવ્યું છે. ગર્ભધાનથી લઈને મૃત્યુ સુધીમાં ૧૬ સંસ્કાર કરવામાં આવે છે.

ઋગ્વેદની પરંપરામાં બે ગૃહ્યસૂત્રો મળે છે. આ ાલયન ગૃહ્યસૂત્ર અને શાંખાયન ગૃહ્યસૂત્ર. આ ાલયન ગૃહ્યસૂત્રમાં ચાર અધ્યાય છે. પહેલા અધ્યાયમાં ૧૬ સંસ્કારોનું વર્ણન છે. બીજા અધ્યાયમાં શ્રાવણી વગેરે પાકોનું વર્ણન છે. આ ઉપરાંત યજ્ઞો, ગૃહપ્રવેશ, ગૃહનિર્માણ વગેરેનું નિરૂપણ છે. ત્રીજા અધ્યાયમાં વેદાધ્યાનના નિયમો અને ચોથા અધ્યાયમાં અંત્યેષ્ટિ અને શ્રાદ્ધ જેવા વિષયોનું વર્ણન છે. શાંખાયન ગૃહ્યસૂત્રમાં ૬ અધ્યાયો છે. તેમાં વિશેષતઃ સંસ્કારોનું વર્ણન છે તથા તેને સંબંધી અન્ય બાબતોનું વર્ણન જોવા મળે છે.

## * **શ્રૌતસૂત્રો :**

ઋગ્વેદ સંહિતામાં બે શ્રૌતસૂત્રો પ્રાપ્ત થાય છે. આ ાલયન, શ્રોતસૂત્ર અને શાંખાયન શ્રોતસૂત્ર. આ ાલયન શ્રૌતસૂત્રમાં ૧૨ અધ્યાય છે. આ સૂત્રોમાં ઐતરેય બ્રાહ્મણ અને આરણ્યકમાં આવતા યજ્ઞોનું વિધાન જોવા મળે છે. આ ાલયન ઋષિ કે જે શૌનકના શિષ્ય હતા. આ ાલયન અન. શૌનક બન્નેએ મળીને સૂત્રોની રચના કરી છે. [૧૪]

શાંખાયન શ્રૌત્રસૂત્રમાં ૧૮ અધ્યાયો છે. આ સૂત્રોની શૈલીનો અભ્યાસ કરતા માલૂમ પડે છે કે આ સૂત્રો આ ાલયન સૂત્રોથી પ્રાચીન હોય તેવું લાગે છે.

શ્રોતસૂત્ર વૈદિક ગ્રંથ છે. શ્રોતસૂત્રની અંર્તગત હવન, યાગ, ઈષ્ટિયા અને સત્ર આવે છે. તેના દ્વારા ઐહિક અને પારલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. શ્રૌતસૂત્ર દિવ્યદર્શી કર્મનિષ્ઠ મહર્ષિઓ દ્વારા સૂત્રશૈલીમાં રચિત ગ્રંથ છે. વિદેશી વિદ્વાનોને પણ શ્રોતસૂત્રના વિષયોએ આકર્ષિત કર્યા છે. મુખ્ય શ્રોતસૂત્ર, આ ાલયન શ્રોતસૂત્ર, કાત્યાયન શ્રોતસૂત્ર, વારાહ શ્રોતસૂત્ર અને લાટયાયન શ્રોતસૂત્રો છે. શ્રુતિવિહિત કર્મને ‘શ્રોત’ તથા સ્મૃતિવિહિત કર્મને ‘સ્માર્ત’ કહે છે.

શ્રોતસૂત્ર અનુસાર અનુષ્ઠાનોની બે પ્રમુખ સંસ્થા છે જેને હવિ સંસ્થા તથા સોમસંસ્થા કહે છે. સ્માર્ત અગ્નિ ઉપર ક્રિયામણ પાકસંસ્થા છે. આ ત્રણ સંસ્થાઓમાં સાત–સાત પ્રભેદ મળીને ૨૧ સંસ્થાઓ પ્રચલિત છે. હવિ સંસ્થામાં દેવતાવિશેષના ઉદ્દેશ્યથી સમર્પિત હવિદ્રવ્ય દ્વારા યાગ કરવામાં આવે છે. સોમસંસ્થામાં શ્રોતાગ્નિ ઉપર સોમરસની આહુતિ આપવામાં આવે છે. આ માટે તે પશૂયાગ છે. સંસ્થાઓ ઉપરાંત અગ્નિચયન, રાજસૂય અને અ મેઘ પ્રભૃતિ યાગનું વર્ણન જોવા મળે છે.

સામવેદના ત્રણ શ્રોતસૂત્ર છે. તેમાં મરાકશ્રોત સૂત્ર સૌથી પ્રાચીન છે. જેને આર્ષેય કલ્પ પણ

કહેવામાં આવે છે. લાટયાયન દ્વારા રચિત શ્રોતસૂત્ર કૌથુમશાખાનો એક સ્વીકૃત ગ્રંથ માનવામાં આવે છે. શુકતલ યજુર્વેદનું કાત્યાયન શ્રોતસૂત્ર છે. તેમાં ૨૬ અધ્યાય છે. આમ આ બધા જ સૂત્રોમાં વિવિધ વિધિઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યુ છે.

* **શુલ્બસૂત્રો :**

આ સૂત્રો ખૂબ જ મહત્વના છે. શલ્બ એટલે 'માપવાની દોરી' થાય છે. આ સૂત્રોમાં યજ્ઞ માટે નિર્માણ કરવામાં આવતી વેદિઓના નિર્માણની રીત તથા તેના માપ તે ઉપરાંત તેની વિવિધ ગણતરીઓની માહિતી આપવામાં આવી છે. ઋગ્વેદની પરંપરામાં શૂલ્બસૂત્રો પ્રાપ્ત થતા નથી.

## ૫. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્ય :

ભારતીય ઇતિહાસના વિશાળ કાળમાં અનેક સદીઓ દરમ્યાન ઘણીબધી ભાષાઓનો ઉદ્‌ભવ અને વિકાસ થયેલો જોવા મળે છે. આ બધી જ ભાષાઓએ એકબીજા ઉપર પોતાનો પ્રભાવ પાડ્યો છે. માનવસમાજ અને પ્રાણીસમાજ વચ્ચે જો કોઇ તફાવત હોય તો તે સંસ્કૃતિનો જ છે. સંસ્કૃતિ અને સભ્યતા માનવસમાજની આગવી લા ણિકતા છે. આ બધુ જ સંસ્કત સાહિત્યને આભારી છે. આ સાહિત્યને બે વિભાગમાં વહેંચવામાં આવે છે વૈદિક સાહિત્ય અને પ્રશિષ્ટ સાહિત્ય.

વિ ના ઇતિહાસવિદો માને છે કે સંસ્કૃતિનો ઉદ્‌ભવ ભારતવર્ષમાં થયો હતો. ભારતમાં ઉત્પન્ન થયેલી સંસ્કૃતિ સર્વાંગ સુંદર ઉપયોગી અને માર્ગદર્શનરૂપ હતી. તે વિ ને પ્રેરણારૂપ બની છે. આ શ્રેષ્ઠ સંસ્કૃતિને વિ ની બુદ્ધિશાળી પ્રજાએ આવકારી છે. ભારતીય સંસ્કૃતિ ભાવનાની સંસ્કૃતિ છે. આ સંસ્કૃતિનું ધ્યેય ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. ભારત દેશ શાંતિ અને સહિષ્ણુતાને વરેલો દેશ છે.

વિ સાહિત્યનું જો કોઇ આદિ પુસ્તક હોય તો તે ઋગ્વેદ છે. જેમાં કુલ ૧૦૨૮ ઋચાઓ આવેલી છે. આ ઋચાઓમાં મોટા ભાગની ઋચાઓમાં દેવોની સ્તુતિઓ છે. ઋગ્વેદ પછી બીજા ત્રણ વેદોની રચના કરવામાં આવી છે. યજુર્વેદમાં યજ્ઞ અને કર્મકાંડનાં મંત્રો આપવામાં આવ્યા છે. સામવેદ ગીત પ્રધાન વેદ છે તેમાં છંદોનું ગાન કરવાની પદ્ધતિ બતાવવામાં આવી છે. ત્યારપછી અથર્વવેદમાં કર્મકાંડ અને વિવિધ સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યુ છે.

ભારતીય સંસ્કૃત સાહિત્ય તેની કથા સુંદરતાને કારણે વિ માં પ્રસિદ્ધ છે. ભારતના પ્રસિદ્ધ બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત છે. તેની રચના ખૂબ જ લાંબા સમય સુધી ચાલી હતી. મહાભારતમાં એક લાખ જેટલા શ્લોકો છે. અને રામાયણમાં ચોવીસ હજાર શ્લોકો છે. મહાભારતનો ભાગ શ્રીમદ્ ભગવદ્‌ગીતા પણ એક દાર્શનિક તત્ત્યવજ્ઞાન સભર ગ્રંથ છે. રામાયણમાં અયોધ્યાના રાજા શ્રીરામની કથા છે. આ બંને મહાકાવ્યોએ સદીઓ સુધી કરોડો લોકોના વિચારો અને મન ઉપર રાજ કર્યું છે. આમ, દીર્ઘકાળ સુધી રામાયણ અને મહાભારતની વિચારધારા પ્રસ્થાપિત રહેશે.

ભારતીય સંસ્કૃત સાહિત્યનાં પ્રથમ ઐતિહાસિક ગ્રંથની રચના ઉત્તર ભારતમાં થઇ હતી. ઉત્તરભારતમાં મધ્યયુગની શરૂઆતમાં સંસ્કૃત સાહિત્યની ભાષા બની રહી. આ યુગમાં કાશ્મીરમાં બે મહાન ગ્રંથો લખાયા જેમાં પહેલો સોમદેવનો 'કથાસરિસાગર' અને બીજો કલ્હણનો 'રાજતરંગિણી' એમાં રાજતરંગિણી કાશ્મીરના ઇતિહાસને આલેખતો અત્યંત મહત્ત્યવપૂર્ણ ગ્રંથ છે. સાચા અર્થમાં તે ભારતનો સર્વ પ્રથમ ઐતિહાસિક ગ્રંથ છે. આ સમયની બીજી મહત્ત્યવની રચના જયદેવનું 'ગીતગોવિંદ' છે, જેની ગણના સંસ્કૃતના સુંદરમાં સુંદર કાવ્યગ્રંથોમાં થાય છે.

### * નાટ્યસાહિત્ય :

વર્તમાન વિદ્વાનોના મત પ્રમાણે સંસ્કૃત નાટકનું પ્રાચીન બીજ ઋગ્વેદના સૂકતતોમાં જોવા મળે છે.

સરમા–પણિ, યમયમી, પુરુરવા–ઉર્વશી વગેરે સંવાદસૂકતતો ઋગ્વેદમાં છે. અથર્વવેદમાં પુરુષો વાદ્ય સાથે નૃત્યગાન કરતાં હતા એવું વર્ણન આવે છે. ઋગ્વેદના સમયમાં સ્વર્ગના બનાવોનું પૃથ્વી પર અનુકરણ કરવા, ઋત્વિજો દેવોના પાઠ લેતા તેમજ ધાર્મિક નાટ્ દશ્યો અસ્તિત્વ ધરાતા હશે એવો વિદ્વાનોનો મત છે. નાટકોમાં ગદ્યનો ઉપયોગ સ્વભાવિક રીતે થતો હતો. સંસ્કૃત નાટકમાં ગદ્ય–પદ્ય સુગ્રથિત છે.

રામાયણ મહાભારત જેવા વીરકાવ્યો સંસ્કૃત નાટકોના પુરોગામીઓ છે. મહાકાવ્યોની વીરકથાઓ અને ઉપદેશાત્મક વિષયોમાંથી સંસ્કૃત નાટકની સામગ્રી લેવાઇ છે. સંસ્કૃત નાટકોમાં પદ્યનો ઉપયોગ અલંકારરૂપે થાય છે. પાણિની અને પતંજલિના સમયમાં નાટક પ્રાથમિક સ્વરૂપમાં પ્રચલિત હતું. નાટકો શરૂઆતમાં મંદ સ્વરૂપમાં હતા પરંતુ પછી ધીમે ધીમે વિકસીત સ્વરૂપમાં થતા ગયા. આ ઉપરથી આપણે કહી શકીએ કે ઇ.પૂ. ૫૦૦ કે ૬૦૦ ના સમયમાં નાટક તેના પ્રાથમિક સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતું હશે.[૧૫]

સંસ્કૃત સાહિત્યમાં અસંખ્ય પ્રકારનું નાટક સાહિત્ય રચાયુ છે તથા અર્વાચીન સમયમાં પણ તેની રચના ચાલુ જ છે. પ્રાચીન અસંખ્ય કવિઓએ પોતાની બુદ્ધિ પ્રતિભા અનુસાર નાટકોની રચના કરી છે. તેમાં ભાસ, કાલિદાસ, શુદ્રક, વિશાખદત્ત તથા ભટ્ટનારાયણ વગેરે આવે છે. તેમણે સંસ્કૃત સાહિત્યને સમૃદ્ધ બનાવવા માટે પોતાનું સંપૂર્ણ યોગદાન આપ્યુ છે.

**૧) ભાસ :**

સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના કવિઓ વિશે આપણને પ્રમાણભૂત માહિતી મળતી નથી. તેમની કૃતિઓમાં કરેલા વર્ણનને આધારે તેમના જીવન વિશે જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ભાસના જીવન વિશે પણ આપણને કશું જ પ્રાપ્ત થતું નથી. દંતકથાના આધારે ભાસ ધોબી હતા.[૧૬] તથા ઘટકર્પર તેનું નામ હતુ. તે ઉત્તર ભારતના વતની હતા. ભાસ રાજમહેલ અને શાહી જીવનથી સારી રીતે પરિચિત હતા. તેનો સ્વભાવ નમ્ર હતો. ભાસ કાલિદાસ પહેલા થઇ ગયેલા છે. ઇ.સ.પૂ. ૬૦૦ થી ઇ.સ. ની સાતમી સદીએ ભાસના સમયની પૂર્વ અને ઉત્તર સીમા છે.

સંસ્કૃત સાહિત્યના શ્રેષ્ઠ કવિઓની યાદીમાં ભાસનું સ્થાન મોખરે છે. આ મહાન નાટ્યકારના નામ સિવાયની કોઇપણ પ્રકારની માહિતી આપણી પાસે ન હતી. ઇ.સ. ૧૯૦૯માં ટી. ગણપતિ શાસ્ત્રી નામના કેરલના વિદ્વાને સંશોધન દ્વારા પદમનાભપુરમ્ પાસેના મનલિકામઠમ્ પાસેથી ૧૦૫ તાડ પત્રોમાં મલયાલમ ભાષામાં લખેલા ૧૩ નાટકો મળ્યા હતા. ટી. ગણપતી શાસ્ત્રીએ આ નાટકોને શ્રી ભાસની કૃતિ ગણે છે. એ ઉપરાંત 'दामक' અને 'त्रिविक्रम' ને ભાસનાં નાટકો ગણે છે. એ ઉપરાંત અન્ય નાટકો પણ છે. નારાયણશાસ્ત્રી 'घटकर्पर' ને ભાસની કૃતિ ગણે છે. 'કિરણાવલ્લી' અને 'ઉદાત્તરાઘવ'

ને ભાસની કૃતિ ગણવામાં આવે છે. યજ્ઞફલ નામની એક અન્ય કૃતિ પણ ભાસની ગણવામાં આવે છે.

ભાસની કૃતિઓ શ્રેષ્ઠ છે પરંતુ તેને કર્તૃત્વ વિશે વિદ્વાનોમાં મતભેદો જોવા મળે છે. ભાસ અનેક શાસ્ત્રોમાં પારંગત કવિ હતા. તેમની વિદ્વતા સર્વતોમુખી હતી. વૈદિક સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્ર તેમજ રાજનીતિ–શાસ્ત્રમાં તેઓ પારંગત વિદ્વાન હતા. લોકથાઓના શોખીન ભાસ સાહિત્યશાસ્ત્રના મર્મજ્ઞ પંડિત હતા. તેઓ બ્રાહ્મણ હોવા છતાં રાજકુલો સાથે ભાસને ગાઢ સંબંધ હોય તેમ લાગે છે. તેઓ ધર્મપ્રિય, રાષ્ટ્રપ્રેમી અને રાજભકતત હતા. તેમણે સાચા અર્થમાં પોતાના જીવવને માણ્યું હોય તેમની કૃતિઓના પરિશીલનથી જણાય છે. જીવનની વિષમતાઓને સહી, તેના પડકારો ઝીલી, તેના આનંદો વણી લેવાની તેમની વૃત્તિ સર્વત્ર તેમનાં નાટકોમાં પ્રગટ થાય છે.

ભાસ ઉત્તમ પ્રકારના ઉચ્ચ કોટિના કવિ હતા તેમાં શંકાને સ્થાન નથી. કાલિદાસ, બાણ, રાજશેખર વગેરે કવિઓ તેમના નામનો ઉલ્લેખ કરે છે. ત્રિવેન્દ્રમ સંસ્કૃત ગ્રંથાલયના પ્રમુખ ટી. ગણપતીશાસ્ત્રીએ કેટલાંક નાટકોની હસ્તપ્રતો શોધી કાઢી. આ તેર નાટકો ભાસના છે. એમ જણાવી તે નાટકોને ક્રમશઃ પ્રસિદ્ધ કર્યા. ત્યારબાદ આધુનિક વિવેચકોમાં મતભેદ ઉભો થયો કે આ બધાં જ નાટકો ભાસનાં છે કે પછી બીજા કોઇના? અને આ આખી ચર્ચા–વિચારણા 'ભાસ–સમસ્યા' ના નામથી ઓળખાઇ. પરંતુ કવિઓએ નાટકોનું વર્ગીકરણ કરીને તેમના તેર નાટકોને તેની કથાવસ્તુને આધારે નીચે પ્રમાણે જુદા–જુદા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

* **ભાસની કૃતિઓ :**

ભાસની સર્વમાન્ય અને ટી. ગણપતી શાસ્ત્રીએ શોધેલી તેર કૃતિઓ છે જે આ પ્રમાણે છે.

→ મહાભારત પર આધારિત નાટકો :

૧. ઉરૂભંગ

૨. કર્ણભાર

૩. દૂતવાકતય

૪. દૂતઘટોત્કચ

૫. પંચરાત્ર

૬. મધ્યમવ્યાયોગ

→ રામાયણ પર આધારિત નાટકો :

૧. અભિષેક નાટક

૨. પ્રતિમાનાટકમ્

→ ઉદયકથા પર આધારિત નાટકો :

૧. પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ

૨. સ્વપ્નવાસવદત્તા

→ હરિવંશ પર આધારિત નાટકો :

૧. બાલચરિત

૨. અવિમારક

૩. ચારૂદત્ત

**૨. કાલિદાસ :**

મહાકવિ કાલિદાસ વાગ્દેવતાના અવતાર મનાય છે. મહાકવિ કાલિદાસના જીવન વિશે આપણને આધારભૂત માહિતી પ્રાપ્ત થતી નથી. કાલિદાસના જીવનની આસપાસ અસંખ્ય દંતકથાઓ જોડાયેલી છે. કાલિદાસ શરૂઆતમાં મૂર્ખ હતા અને તે જે ડાળ ઉપર બેસતા તે ડાળ જ કાપતા હતા. આમ, તે કાલિ માતાની ઉપાસના કરે છે અને વિદ્વત્તા પ્રાપ્ત કરે છે. કાલિદાસના જીવન અને કતૃત્ત્યવ વિશે કંઇ પણ કહી શકાય તેમ નથી. એમનાં ત્રણ નાટકોની પ્રસ્તાવનામાં એમના નામનો ઉલ્લેખ સિવાય બીજી કોઇ માહિતી આપવામાં આવી નથી. તેમના પરવર્તી લેખકોએ પણ પોતાની કૃતિમાં કાલિદાસના જીવન વિશે ઐતિહાસિક માહિતી આપી નથી. દંતકથાઓના આધારે તેના જીવન વિશે માહિતી મેળવવી પડે છે.

કાલિદાસની લોકપ્રિયતા જ એટલી હતી કે પાછળના કવિઓએ, વિવેચકોએ, પંડિતોએ ખૂબ જ વખાણ્યા છે. કવિકુલગુરૂ કાલિદાસની અક્ષય કીર્તિએ એમની ભૌતિક જીવન રીતોને નિખારી છે. કાલિદાસ વિશે બે પ્રમાણભૂત પુરાવાઓ મળ્યા છે. પુલકેશી બીજાએ ઇ.સ. ૬૩૪ માં કોતરાવેલો ઐહીલના શિલાલેખમાં કાલિદાસની 'કીર્તિ' નો જ ઉલ્લેખ છે.[૧૭] આ શિલાલેખ જ ારે લખાયો હતો ત્યારે કાલિદાસની કીર્તિ ચારે તરફ ફેલાયેલી હતી. છઠ્ઠી સદીમાં ભારતભરમાં કાલિદાસની કવિતાથી બધા પરિચિત હતા. કાલિદાસના જીવન વિશે નકતકર અને પ્રમાણભૂત પૂરાવા સાતમી સદીમાં રચાયેલા બાણ ભટ્ટના ' હર્ષચરિત' માં મળે છે. સાતમી સદીમાં થયેલ ગદ્યકવિ બાણભટ્ટ કાલિદાસની કવિતાને મધ નીંગળતી રસદ્ર મંજરી જોડે સરખાવી એની સર્વલોકોની પ્રીતિપાત્રતાનો અનુભવ કરાવે છે.

આ બન્ને કર્તાઓ કાલિદાસની વિદ્વત્તાને સારી રીતે જાણે છે. કાલિદાસની બધી જ કૃતિનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને, સંસ્કૃતની સઘળી સાહિત્યિક તેમજ મૌખિક પરંપરાને ચકાસીને, માન્યતાઓ બાંધીને તથા અન્ય સંશોધનો કરીને કાલિદાસના જીવન–સમય વિશે જાણવાના માર્ગો નકતકી થયા છે. છતાં પણ પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થઇ નથી. કાલિદાસને તેના સમવર્તી રાજા વિક્રમાદિત્ય કે વિક્રમરાજા સાથે સાંકળવામાં આવ્યા છે. મહાકવિ કાલિદાસે તેમની કૃતિમાં 'ભાસ, કવિપુત્ર, સૌમિલ્લ' ની ત્રિપુટીને પોતાના પુરાગામી ગણાવ્યા છે. સંસ્કૃત સાહિત્યની ખોજના આરંભકાળમાં કાલિદાસના કોઇ સમર્થ પુરોગામીની કૃતિઓ પ્રાપ્ત થતી નથી. તેમણે પોતાની કૃતિમાં આટલા સમર્થ કવિનો ઉલ્લેખ પણ કર્યો નથી.

કાલિદાસના સમય વિશે બે મતો સૌથી વધારે પ્રચલિત છે. કાલિદાસ વિક્રમસંવત શરૂ કરનાર વિક્રમ રાજાના સમકાલીન હતા તથા તેઓ ઇ.સ. પૂર્વ પ્રથમ સદીમાં થઇ ગયા. બીજો મત એ છે કે કાલિદાસ ગુપ્તયુગમાં સંસ્કૃત સાહિત્યના સુવર્ણકાળ દરમ્યાન થઇ ગયા હશે અને તે ચંદ્રગુપ્ત દ્વિતીય ' વિક્રમાદિત્ય' ના સમકાલીન હતા. માટે તેઓ ઇ.સ. ની પાંચમી સદીમાં થઇ ગયા.

મહાકવિ કાલિદાસે કાવ્યસાહિત્યના ક્ષેત્રમાં બે મહાકાવ્યો આપ્યા છે. કુમારસંભવ અને રઘુવંશ 'મેઘદૂત' તેમજ 'ઋતુસંહાર' ની બે ઉર્મિનિર્ભર કૃતિઓ આપી છે. એ દષ્ટિએ મહાકવિ કાલિદાસની વિદ્વતાને મૂલવવાની છે. એમના યુગની વિવિધ જીવનશૈલી અને સામાજિક તેમજ સાંસ્કૃતિક ચેતના તેમણે આત્મસાત્ કરી હતી. 'મેઘદૂત' અને 'કુમારસંભવ' કવિની કારકિર્દીના મધ્યકાળની કૃતિઓ છે કારણ કે તેમાં પ્રણયકાળની પરાકાષ્ટા જોવા મળે છે. સંસ્કૃત મહાકાવ્યના ક્ષેત્રમાં કાલિદાસે એક સાથે બે કૃતિઓનું સર્જન કરીને દિવ્ય ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

*** મહાકવિ કાલિદાસની કૃતિઓ :**

સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસે સાત કૃતિઓની રચના કરી છે તે નીચે પ્રમાણે છે.

૧. ઋતુસંહાર

૨. મેઘદૂત

૩. કુમારસંભવ

૪. રઘુવંશ

૫. માલવિકાગ્નિમિત્ર

૬. વિક્રમોર્વશીય

૭. અભિજ્ઞાન શાકુંતલમ

મહાકવિ કાલિદાસ હિન્દુ સંસ્કૃતિ અને સભ્યતાના મહાન ઉદ્ગાતા કવિ હતા. તેની કૃતિઓ સંસ્કૃત સાહિત્યમાં શ્રેષ્ઠ સ્થાન પામી છે. ફકતત ભારતમાં જ નહી પરંતુ સમગ્ર વિ   ના તત્ત્યવચિંતકોએ કાલિદાસની કૃતિઓના છૂટથી વખાણ કર્યા છે.

**૩. વિશાખદત્ત :**

સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના કવિઓનાં જીવન વિશે સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થતી નથી. તેમાં વિશાખદત્તનો પણ સમાવેશ થઇ જાય છે. તેમના જીવન વિશે પણ અપૂરતી માહિતી પ્રાપ્ત થાય છે. સામંત વટે   રદત્તના પ્રૌત્ર અને મહારાજા ભાસ્કરદત્તનાં અમાત્ય પૃથુના પુત્ર તરીકે વિશાખદત્ત સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે. [૧૮] વિશાખદત્તની એકમાત્ર કૃતિ 'મુદ્રારાક્ષસ' છે. તેનો રચનાકાળ ઇ.સ. ૫૦૦ માનવામાં આવે છે. મુદ્રારાક્ષસ ઐતિહાસિક નાટક છે.

વિશાખદત્ત પોતાના નાટકમાં ચન્દ્રગુપ્તના શાસનકાળનું ચિત્રણ કરે છે. તેઓ પોતાના આશ્રયદાતાની પ્રશંસા કરે છે. 'મુદ્રારાક્ષસ' નું ઘટનાસ્થળ પાટલીપુત્ર છે જે તે સમયે સમૃદ્ધ નગરમાં સમાવેશ થતો હશે. વિદેશી વિદ્વાન શાહિયાન પાટલીપુત્રને મગધની રાજધાની તરીકે ઓળખાવે છે. હ્યુ એન સંગના વખતે તેનો વિધ્વંસ થયો હતો. બૌદ્ધધર્મ વિષેના જે ઉલ્લેખો આવે છે. તે પણ બૌદ્ધોનો અભ્યુદયકાળ સૂચવે છે. આ પરિસ્થિતિ ફાહિયાનના આગમન સમયની હતી. આના આધારે કેટલાંક વિદ્વાનો 'મુદ્રારાક્ષસ' નો રચનાકાળ ઇ.સ. પાંચમી સદીમાં માને છે.

વિશાખદત્તની કૃતિઓ અને તેનાં સમય વિષયે અલગ–અલગ પાઠભેદો જોવા મળે છે. એક અન્ય પાઠના આધારે 'મુદ્રારાક્ષસ' ની રચના પલ્લવરાજ દન્તિવર્માના સમયમાં માની શકાય. 'મુદ્રારાક્ષસ' માં જે રીતે હૂણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે હૂણો દક્ષિણમાં ફેલાયેલા ન હતા. એટલા માટે આ પાઠ પણ સ્વિકારવામાં આવતો નથી. તૈલંગ પોતાની 'મુદ્રારાક્ષસ' ની આવૃતિની પ્રસ્તાવનામાં 'અવન્તિવર્મા' નામનો પાઠ સ્વીકારે છે. તેમના મત પ્રમાણે અવન્તિવર્મા, હર્ષવર્ધનના બનેવી ગૃહવર્માના પિતા મૌખરિ રાજ અજન્તિવર્મા હતા. આ મત પ્રમાણે 'મુદ્રારાક્ષસ' ની રચના ઇ.સ. ૧૦૦ માં થઇ. [૧૯]

'મુદ્રારાક્ષસ' નાટકનું કથાનાક ઐતિહાસિક છે. તે રાજકીય ખટપટોથી ભરેલું નાટક છે. એટલા માટે તેનો સમય નકતકી કરવા માટે તે સમયની ઘટનાઓની સમીક્ષા કરવી જોઇએ. કે.એચ. ધ્રુવ ' અવન્તિવર્મા' વાળા પાઠને સ્વીકારે છે. તેમના મતે અવન્તિવર્મા કનૌજના મૌખરિ રાજા હતા, જેની મદદ લઇને સ્થાણ્વીશ્વરના રાજા પ્રભાકરવર્ધને હૂણોને યુદ્ધમાં હરાવ્યા હતા. આ ઘટના કદાચ ઇ.સ. ૫૮૨ માં બની હોય. આ પરાજય પ્રસંગે વિશાખાદત્તે આ નાટકની રચના કરી હશે. એટલા માટે 'મુદ્રારાક્ષસ' નો સમય છઠ્ઠી સદીમાં થયેલો માનવો જોઇએ.

વિશાખદત્તના નામે ત્રણ કૃતિઓની ચર્ચા સાહિત્ય જગતમાં જોવા માળે છે. સમયની બાબતમાં વિશાખદત્તનું 'દેવીચન્દ્રગુપ્ત' નાટક વધારાનો પુરાવો આપે છે. આ નાટક સંપૂર્ણ પ્રાપ્ત થતું નથી. તેની કથાનક રોચક છે. સમુદ્રગુપ્ત પછી રામગુપ્ત ગાદીએ આવે છે. તે કાયર હોય છે, શક રાજાના આક્રમણના ડરથી તે પોતાની પત્ની ધ્રુવદેવીને તે રાજાને આપવાનું વચન આપે છે. રાજાગુપ્તનો નાનો ભાઇ ચન્દ્રગુપ્ત કૂટનીતિથી શકરાજાની હત્યા કરે છે. તથા તે પોતાના ભાઇની હત્યા કરીને ગાદીએ બેસે છે. ધ્રુવદેવી તેની સાહસવૃત્તિથી ખૂબ જ પ્રસન્ન થઈને તેની સાથે લગ્ન કરે છે. આ ધ્રુવદેવી તે કુમારગુપ્તની માતા છે. વિશાખદત્ત આ નાટકની રચના ચન્દ્રગુપ્તના સમયમાં કરી હશે. તેના આધારે વિશાખદત્તનો સમય છઠ્ઠી સદીમાં મનાય છે.

વિશાખદત્ત સંસ્કૃત જગતમાં આદરપાત્ર સ્થાન ધરાવનાર કવિ તરીકે વિખ્યાત છે તેમની શૈલી પ્રવાહી અને બળવાન છે. તેમનું છંદો ઉપરનું પ્રભુત્વ નોધપાત્ર છે. વિશાખદત્ત ખૂબ જ હોંશિયારી તથા વિવેકપૂર્વક તે પોતાની કલ્પનાઓ તથા અલંકારોને રજૂ કરે છે. વિશાખદત્તમાં પોતાના પાત્રોને વણી લેવાની ખૂબી છે. તેના સંવાદોમાં નાટયાત્મકભાવ જોવા મળે છે. શબ્દવિન્યાસ તેમનો ખૂબ જ પ્રભાવક છે. તેમની એકમાત્ર કૃતિ દ્વારા તે સંસ્કૃત જગતમાં ખૂબ જ પ્રસિદ્ધ બન્યા છે.

* **વિશાખદત્તની કૃતિ :**

**૧. મુદ્રારાક્ષસ**

**૪. ભટ્ટ નારાયણ :**

સંસ્કૃત જગતના કવિઓની ખાસિયત છે કે તેઓ આત્મ પ્રશંસા માટે નહીં પરંતુ સેવા માટે તથા અન્યને નૂતન માર્ગદર્શન મળી રહે તે માટે થઈને કૃતિઓનું સર્જન કરતા હતા. તેઓ પોતાના વખાણ કરતા નહીં કે પોતાના વિશે કશું પણ જણાવતા નહીં. ભટ્ટ નારાયણના જીવન વિશે પણ આપણને પૂરતી માહિતી મળતી નથી. દંતકથાના આધારે તેના જીવન વિશે માહિતી મેળવવી પડે છે. તે ખૂબ જ પ્રતિભાશાળી કવિ હતા. સંસ્કૃતમાં તેમણે ૬૦ જેટલે રચનાઓ પ્રસ્તુત કરી છે. વ્રજભકિતતવિલાસ, વ્રજોત્સવ, ચંદ્રિકા જેવા અનેક ગ્રંથોમાં વ્રજના સ્થળો તથા તેમના ઉત્સવો વગેરે વિશે વિસ્તારપૂર્વક વર્ણન છે.

ભટ્ટ નારાયણ દક્ષિણ ભારતના મદુરા નગરના માદવ સંપ્રદાયી ભૃગુવંશી બ્રાહ્મણ ભાસ્કર ભટ્ટના પુત્ર હતા. તેમની માતાનું નામ યશોમતિ હતું. તેમનો જન્મ વૈશાખ સુ. ૧૪, સં. ૧૫૮૮ માં થયો હતો. ૧૨ વર્ષની નાની આયુમાં ગૃહત્યાગ કરીને વ્રજમાં આવે છે ત્યાં મદનમોહનજીની સેવા કરે છે. તથા તેની પાસેથી દિક્ષા લે છે. ૧૨ વર્ષ ત્યાં રહે છે. ત્યાં વ્રજમાં ંચા ગામમાં રહે છે તથા ગૃહસ્થજીવન જીવે છે.

ભટ્ટ નારાયણ સંસ્કૃતના મહાન નાટ્યકાર હતા. તે ફકતત પોતાની એકાત્ર કૃતિ દ્વારા મહાન બને છે. વેણીસંહાર તેની એકમાત્ર કૃતિ છે. સંસ્કૃત સાહિત્યમાં તે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. વામન તથા આનંદવર્ધનાચાર્ય, ભટ્ટ નારાયણની કૃતિના ઉદાહરણો ટાંકે છે. ભટ્ટ નારાયણ પોતાની એકાત્ર કૃતિમાં એટલી કુશળતા વાપરે છે કે તે એક જ કૃતિને આધારે સંસ્કૃત સાહિત્ય જગતમાં મહાન બને છે.

ભટ્ટ નારાયણ પોતાની કૃતિને નવા નવા પ્રયોગો દ્વારા શણગારે છે. તેમની શૈલી ચમકદાર અને કુશળ છે. તે પોતાની કૃતિમાં ભયાનક રસ અને કરુણ રસને સારી રીતે પ્રયોજે છે. તે અલંકારોનો પ્રયોગ પણ ખૂબ જ કુશળતાપૂર્વક કરે છે. પ્રસંગોના વર્ણનમાં કવિ વાચકોને પકડી રાખે તેવી કુશળતા વાપરે છે. આમ, ભટ્ટ નારાયણ સંસ્કૃત જગતના શ્રેષ્ઠ કવિઓની હારમાં બિરાજમાન થાય છે.

* **ભટ્ટ નારાયણની કૃતિ :**

 ૧. વેણીસંહાર

* **પદ્ય કૃતિઓ :**

→ **મહાકાવ્યો :**

સંસ્કૃત સાહિત્ય અજોડ સાહિત્ય છે. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં દશ્યકાવ્ય અને શ્રવ્યકાવ્ય એવા બે વિભાગ પડે છે. દશ્યકાવ્યમાં બધાં જ નાટકોનો સમાવેશ થાય છે. જ ારે શ્રવ્યકાવ્યમાં બધા પ્રકારનાં કાવ્યોનો સમાવેશ થાય છે. તેમાં મહાકાવ્યોએ સૌથી મહત્વનો કાવ્યપ્રકાર છે. આ દંડીએ આપી છે. તેમણે આપેલી વ્યાખ્યા પ્રમાણે મહાકાવ્ય જુદા જુદા સર્ગોમાં રચાયેલું હોવુ જોઇએ. તેની શરૂઆત આશિર્વાદ કે નમસ્કારથી થતી હોવી જોઇએ. તે ઇતિહાસની કથા ઉપર આધારિત હોવું જોઇએ અથવા કોઇ શ્રેષ્ઠ પુરુષની કથાનો આશ્રય લઇને તેની રચના કરવામાં આવેલી હોવી જોઇએ.

મહાકાવ્યમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો સિદ્ધ થવા જોઇએ. કથાનો નાયક ચતુર તથા ઉદાત્ત હોવો જોઇએ. મહાકાવ્યમાં સમુદ્ર, નગર, સૂર્યોદય, સૂયાસ્ત, ચંદ્રોદય, પર્વત, ઋતુઓ, જલક્રીડા વગેરેનું વર્ણન હોવું જોઇએ. તે ઉપરાંત વિવાહ, કુમારોનો ઉદય, મંત્ર, યુદ્ધ, નાટકનો વિજય વગેરે બાબતોનું વર્ણન હોવું જોઇએ. તે ઉપરાંત રસોથી ભરપૂર, અલંકૃત શૈલીવાળું, ટૂંકા સર્ગોવાળું, છંદ યોજનાવાળું, દરેક સર્ગમાં એક છંદવાળું પણ સર્ગને અંતે છંદપરિવર્તનવાળું તથા લોકોને મનોરંજન કરે એવું મહાકાવ્ય હોવું જોઇએ.

મહાકાવ્યમાં ઇતિહાસકથા, પુરાણકથા કે કોઇ મહાન પુરુષની કથાનું નિરૂપણ કરવામાં આવે છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના મોટા ભાગના મહાકાવ્યો ઐતિહાસિક કથાનક ઉપર જ રજૂ થયેલા છે. કવિઓ પોતાના મહાકાવ્યોમાં ધાર્મિક તથા ઐતિહાસિક પાત્રને નાયક તરીકે સ્વીકારે છે. બધા જ કવિઓ દંડીની વ્યાખ્યાને સ્વીકારે છે તથા તે પ્રમાણે મહાકાવ્યોનું નિર્માણ કરે છે. બધા જ કવિઓ કાલિદાસના મહાકાવ્યોને લક્ષમાં લઇને કાવ્ય નિર્માણ કરે છે.

→ **ખંડકાવ્યો :**

સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ વૈદર્ભી, ગૌડી અને પાંચાલી નામની કાવ્યરીતિઓને માન્યતા આપી છે. મહાકવિ કાલિદાસ વૈદર્ભી રીતિનો કવિ છે. રીતિ એટલે વિશિષ્ટ પ્રકારની પદરચના. કાવ્યની શોભા વધારનારને ગુણ કહેવાય છે. સંસ્કૃત સાહિત્યમાં બે ઉત્તમ ખંડકાવ્યો છે તે મહાકવિ કાલિદાસે જ આપ્યા છે. બે ર્મિકાવ્યો આપીને કાલિદાસે એ સિદ્ધ કરી આપ્યું છે કે મહાકાવ્યો તથા નાટકો લખવામાં તેઓ જેવા કુશળ હતા તેવા જ ભાવપ્રધાન ઉર્મિકાવ્યો રચવામાં પણ કુશળ છે.

સંસ્કૃત સાહિત્યના ખંડકાવ્યો ભારતીય સમાજની વાસ્તવિકતાને રજૂ કરે છે. કવિઓ સરળ શબ્દ

રચના અને સૂક્ષ્મ નિરીક્ષણથી સભર કૃતિઓનું નિર્માણ કરે છે. તેઓ પોતાની કૃતિમાં ખંડકાવ્યોનાં લક્ષણોને અનુરૂપ યોગ્ય નિયમો રજૂ કરે છે.

→ **શતકકાવ્યો :**

સંસ્કૃત સાહિત્યમાં શતકકાવ્યોનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. શૃંગારરસનાં ર્મિમુકતતકોનાં જે શતકો સંસ્કૃત સાહિત્યમાં પ્રતિષ્ઠિત છે તેમાં અમરું કવિનું નામ મોખરે છે. મહાકવિ કાલિદાસ પછી શૃંગારકાવ્યના ભારતીય કાવ્ય રસિકોનો માનીતો કાવ્યગ્રંથ 'અમરુશતક' છે. સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના પ્રખર વિચારક અને ધ્વનિને કાવ્યનો આત્મ ગણનાર મહાન સર્જક આનન્દવર્ધનાચાર્ય અમરુના શ્લોકોની ખૂબ જ પ્રશંસા કરે છે. શતકકાવ્યોમાં એક જ વિચાર ભાવ કે મિજાજ ઘૂંટીને કવિ વ્યકતત કરે છે. જેને માણતા મન આનંદવિભોર બની જાય છે. નીતિ અને સદુપદેશની અસંખ્ય સદુકિતતઓ સંસ્કૃત સાહિત્યની વિશિષ્ટતા છે.

અમરુશતકના શ્લોકોમાં સરળતા, માધુર્ય અને ભાવની સુકુમારતાનું દર્શન થાય છે. અન્ય શતક કાવ્યોમાં ભર્તુહરિનું શૃંગારશતક, વૈરાગ્યશતક અને નીતિશતક આવે છે. આ શતકોમાં સામાજિક ડહાપણ અને ઉચ્ચ આદર્શોના સમન્વયવાળા મુકતતકો હૃદયને આકર્ષે છે. ભર્તૃહરિ સજ્જન પ્રશંસા અને દર્જુનનિંદા, મુર્ખલોકોની મજાક, સદ્‌ગુણોનું ગૌરવ, મિત્રતાનો મહિમા, વિધિની લીલા, વિદ્યાનું ગૌરવ તથા કર્મની પ્રબળતા જેવા વિષયોને લક્ષમાં લઈને સુભાષિતોની રચના કરે છે.

શતક કાવ્યોમાં ગતિ અને ચમત્કૃતિનો સુંદર સંયોગ સધાય છે. ભર્તુહરિના શતકો સંસ્કૃતભાષાની અને સાહિત્યની એક વિશિષ્ટ સિદ્ધિ છે. ભારતીય સંસ્કૃતિના ભવ્ય આદર્શો અને શ્રેષ્ઠ માન્યતાઓને ભતૃહરિએ મુકતતકો દ્વારા જીવંત કર્યા છે. શતકોમાં ભાવોનું સૂક્ષ્મ નિરૂપણ કરવામાં આવ્યું છે. તે ભાવો માનવજીવનને અસર કરે છે. અને તેને પ્રેરણા આપવામાં સહાયરૂપ પણ નીવડે છે.

* **ગદ્યકૃતિઓ :**

પ્રાચીન સંસ્કૃતસાહિત્ય મોટાભાગે પદ્યમાં જ રચાયુ છે તેમ છતા પણ કયાંક તેની સાથે ગદ્યાંશો પણ જોવા મળે છે. સંસ્કૃત ગદ્ય પણ એટલું જ સમૃદ્ધ છે. પદ્યની મુખપાઠ સરળતા, ગેયતા અને સ્મૃતિશીલતાને કારણે તે ગદ્યની તુલનામાં વધારે પસંદગીને પાત્ર બન્યું છે. ગદ્યને બોલવા સાથે અને પદ્યને તાલબદ્ધ ગતિ સાથે સંબંધ છે. સંસ્કૃત સાહિત્યમાં ગદ્યના વિકાસના અનેક સાહિત્યિક સ્વરૂપો ઉપસ્યા. આખ્યાયિકા, કથા, ખંડકથા, પરિકથા અને કથનિકા જેવા સ્વરૂપભેદો દંડીએ ગણાવ્યા છે.

ગદ્યસાહિત્યમાં જોવા મળતી વર્ણનપ્રચુરતા, અલંકાર વર્ણન અને સમાસઘનતા તેના કાવ્યસાહિત્યના પ્રભાવની સૂચક છે. તે ઉપરાંત લોકકથાએ પણ ગદ્યસાહિત્યને વિકસિત કર્યું છે. પશુ–પક્ષીની ભાષાનું જ્ઞાન, કાલ્પનિક કથાઓ, દૈવની મહત્તા, નાયક–નાયિકાની સ્વપ્નમાં એકબીજાની ઓળખ, ઘોડા ઉપર સવારી વગેરે બાબતોની પસંદગીને કારણે સંસ્કૃત ગદ્યકાવ્યો રોમાંચક બન્યા છે.

→ **કથા :**

સંસ્કૃત સાહિત્યના અલંકાર શાસ્ત્રીઓમાં ભામહ અને દંડી કથા અને આખ્યાયિકાના સાહિત્ય પ્રકારોની નોંધ લે છે. કથા મનોરંજક ગદ્યમાં હોય છે તથા ઉચ્છ્વાસોમાં વહેંચાયેલી હોય છે. તેમાં ભાવિ બનાવોનો સંકેત આપવા 'વકતત્ર', 'અપરવકતત્ર' છંદોમાં રચાયેલા શ્લોકો હોય છે. કવિએ પોતે કલ્પેલા પ્રસંગો ઉમેરવાનો એમાં અવકાશ હોવો જોઇએ. તે ઉપરાંત કન્યાહરણ, સંગ્રામ, વિપ્રલમ્ભ તથા નાયકના આખરી વિજયની કથાનો વિષયમાં સમાવેશ હોવો જોઇએ. કથાવસ્તુ કલ્પિત હોવું જોઇએ તથા નાયક સિવાયનો બીજો કોઇ કથા કહેતો હોવો જોઇએ, કથાનું સર્જન સંસ્કૃત તથા અપભ્રંશમાં થઇ શકે છે. [૨૦]

સંસ્કૃત સાહિત્યમાં કથા અને આખ્યાયિકા વચ્ચે પાતળી ભેદરેખા છે.દંડી એમ કહે છે કે કથા આખ્યાયિકાના ક્ષેત્રે પ્રયોગ પરિવર્તનનું વાતાવરણ હતું તે ઝડપથી બદલાતી સર્જનપરંપરાઓને લીધે વિવેચનના સિદ્ધાંતો બુઠ્ઠા બની ગયા હતા. કથા એ મૂળભૂત રીતે કલ્પના કથા છે જે કેટલીક વાર નાયક દ્વારા પણ કહેવામાં આવે છે. ધીમે ધીમે જૂનાં રૂપો બલલાતાં ને બાણભટ્ટે જે બે ગદ્યકાવ્યો આપ્યાં તે જ પાછળથી વ્યાખ્યાકારોના આદર્શ રૂપ બન્યાં. શૃંગારભાવ કથામાં મુખ્યસ્થાન ભોગવે છે. તથા કાલ્પનિક કથાવસ્તુનું પ્રભુત્વ જોવા મળે છે.

સંસ્કૃત સાહિત્યમાં બાળભટ્ટની 'કાદમ્બરી' અને સુબંધુની 'વાસવદત્તા' ઉત્ત્યામ કથા સાહિત્યના નમૂના છે. તે બન્ને કૃતિઓને લક્ષમાં રાખીને કવિઓએ કથા સાહિત્યનું નિર્માણ કર્યું છે. આમ સંસ્કૃત સાહિત્યની કથાઓ સમૃદ્ધ અને વિકસિત છે.

→ **આખ્યાયિકા :**

પ્રાચીન સાહિત્યમાં આખ્યાયિકાઓના લક્ષણો ભામહ અને દંડી આપે છે. ભામહના મતે આખ્યાયિકા સત્યાત્મક હોય છે. આખ્યાયિકાઓમાં નાયક પોતે જ કથા રજૂ કરે છે. સમગ્ર કથા 'ઉચ્છ્વાસો' માં વહેંચાયેલી હોય છે. આખ્યાયિકા સંસ્કૃતમાં રચાયેલી હોવી જોઈએ. ભામહના વખતમાં કથા–આખ્યાયિકા વચ્ચે જે દઢ ભેદરેખા હતી તેને સાહસિક સર્જકો ધીમે ધીમે ભૂંસી નાખતા ગયા હશે. એટલા માટે કદાચ દંડી એમના કાવ્યાદર્શમાં આ ભેદોને મહદંશે ઔપચારિક ગણે છે. હકીકતમાં દંડી કથા કોણ કહે છે તેને કે છંદના પ્રકારને કે પ્રકરણના શીર્ષકને કે ભાષાસ્વરૂપની મર્યાદાને કથા તેમજ આખ્યાયિકાના મૂળભૂત તફાવત તરીકે સ્વીકારતા નથી.

કથા અને આખ્યાયિક એક જ વસ્તુ છે પણ એમને નામ બે જુદાં જુદાં અપાયાં છે. કથા–આખ્યાયિકાનો આલંકારિક વિવાદ બતાવે છે કે કંઇ નહીં તો એક બહુ અગત્યની બાબતમાં આખ્યાયિકા કથાથી જુદી પડે છે. બીજી ઔપચારિક બાબતો ઉપરાંત આખ્યાયિકાની સ્વરૂપગત અનિવાર્ય આવશ્યકતા એ છે કે એમાં અનુભવની સચ્ચાઇ તેમજ આત્મકથાત્મક વસ્તુ હોવું જોઇએ. પછીના આલંકારિકો આને

જ કદાચ સરસ કથાવસ્તુ કહીને તેની વ્યાખ્યા આપે છે. દુર્ભાગ્યે પાછળના આલંકારિકો બાણની બે કૃતિઓના મુખ્ય તફાવતને હળવો બનાવી દે છે કથા–આખ્યાયિકોનો ભેદ આકસ્મિક બાબતોને આધારે કરે છે.

આખ્યાયિકામાં આત્મકથા, પારંપરિક સત્યકથા કે ઐતિહાસિક કથાવસ્તુ હોવું જોઇએ. તથા કથામાં કલ્પિત વૃતાન્ત હોવું જોઇએ. આખ્યાયિકામાં બીજું બધું કથા જેવું જ હોય છે. કવિના વંશનું વર્ણન તથા અન્ય કવિઓની માહિતિ પણ આપી શકાય. હર્ષચરિત અને વાસવદત્તા ઉત્તમ આખ્યાયિકાના નમૂના છે તેમાં કવિએ નિયમાનુસાર કૃતિની રચના કરી છે. આમ, આખ્યાયિકા સંસ્કૃત સાહિત્યને ગૌરવ બક્ષે છે.

→ **પ્રાણીકથાઓ :**

સંસ્કૃત સાહિત્યમાં પ્રાચીનકાળથી બોધાત્મક કથાઓનો વિકાસ થતો રહ્યો છે. વાર્તાઓના માધ્યમ દ્વારા લોકોને ઉપદેશ આપવાનું પ્રચલન પ્રાચીન કાળથી ચાલતુ આવે છે. અન્યને ઉપદેશ આપવા માટે અથવા સત્યતા સાબિત કરવા માટે વિવિધ કથાઓ રજૂ કરવામાં આવે છે. વાર્તાઓ અને કથાઓના સ્વરૂપમાં આ ઉપદેશ વ્યંગ્યરૂપે કે ધ્વનિરૂપે વ્યકતત કરવાની કળા ભારતમાં જૂના વખતથી સિદ્ધ થયેલી છે. વાર્તામાં સ્પષ્ટ થતો આડકતરો બોધ વધારે સચોટ અસર કરે છે. સંસ્કૃત સાહિત્યની વાર્તા પદ્ધતિની ખાસ વિશેષતા એ છે કે એમાં એક જ કથાના માળખામાં બીજી અનેક વાર્તાઓ પેટા પ્રકારરૂપે આવતી હોય છે. નથી.

સંસ્કૃત સાહિત્યમાં પંચતંત્ર અને હિતોપદેશ પ્રાણીકથાઓના આધારે રચાયેલા ગ્રંથો છે. સાહિત્યની દષ્ટિએ 'પંચતંત્ર' એ પ્રાચીન ભારતીય સાહિત્યનો તેમજ સમગ્ર વિ  સાહિત્યનો સૌથી વધારે મહત્વનો રસપ્રદ ગ્રંથ છે. લોકોને આકર્ષી શકે તે રીતે પંચતંત્રની કથાઓ સરળ ભાષામાં લખાઈ છે. બ્રાહ્મણગ્રંથો તથા જાતકકથાઓમાં જોવા મળતી વચ્ચે વચ્ચે શ્લોકો ઉમેરવાની પદ્ધતિ એટલા માટે અપનાવે છે કે એના બોધાત્મક ઉદ્દેશને સમર્થ રીતે પરિપૂર્ણ કરવામાં મદદરૂપ બને છે. પણ પંચતંત્રની સૌથી મહત્વની વિશેષતા એ છે કે એમાં નૈતિક બોધ ધરાવતા શ્લોકો છે.

સંસ્કૃત સાહિત્યની લોકપ્રિય કથાઓમાં લોકોની ધાર્મિક માન્યતાઓ, દંતકથાઓ, જાદુટોણાંમાં વિ  ાસ અને કથાકારોની ચતુરાઇ સીધી રીતે પ્રગટ થાય છે. જયારે પશુકથામાં કળાનો આશ્રય લઇને એ બધું વ્યકતત કતા કરવામાં આવે છે. એ બધા પર કટાક્ષ કરીને લોકોને સદ્–ઉપદેશ આપવામાં આવે છે. પંચતંત્રનો લેખક કુશળ કથાકાર તથા પીઢ વ્યવહારનો જ્ઞાતા છે, એટલા માટે તે વર્ણનમાં તટસ્થતા રાખે છે. તે કટાક્ષ પણ કરે છે અને હાસ્યરસ પણ પીરસે છે. આમ, પ્રાણી કથાઓ માનવ–જીવનને નીતિસભર જ્ઞાન આપે છે તથા જીવન જીવવાની નવી પદ્ધતિ પણ બતાવે છે.

પંચતંત્રની જેમ હિતોપદેશ પણ પ્રાણી કથાઓને વર્ણવતો ગ્રંથ છે. હિતોપદેશ રચવાનો ઉદ્દેશ નીતિ સદ્વર્તનનો ઉપદેશ આપવાનો છે. સંસ્કૃત ભાષામાં નીતિનો ઉપદેશ આપવા માટે રચાયેલા હિતોપદેશની શૈલી સરળ અને સંતોષકારક રીતે પ્રવાહી છે. કેટલાક આ હિતોપદેશને પંચતંત્રની એક આવૃત્તિ ગણે છે. એ પરંતુ વાસ્તવિક રીતે હિતોપદેશ એક સ્વતંત્ર ગ્રંથ છે. પંચતંત્રની પ્રાણીકથાના વારસાને તે ગ્રંથ જાળવી રાખે છે. આમ, પ્રાણી કથાઓના માધ્યમ દ્વારા લોકોને બોધ આપવાનો પ્રયાસ છે.

સંસ્કૃત સાહિત્યમાં જે ઉપદેશાત્મક સાહિત્ય છે. તેમાં પંચતંત્ર અને હિતોપદેશનું સ્થાન મહત્વનું છે. હિતોપદેશ પંચતંત્રની પરંપરા ધરાવતી કૃતિ છે. આ બન્ને પ્રાણીકથાઓમાં ડહાપણભરી કહેવતો અને સુંદર વિચારો સમાયેલા છે. બોધ એ આ કૃતિનો હેતુ હોવાથી તેની ભાષા અને શૈલી સરળ તેમજ પ્રવાહી છે. તેના આ મહત્વને લીધે વિ   ની અનેક ભાષામાં તેનું ભાષાતંર થયું છે. ભારતીય સાહિત્ય એટલું સમૃદ્ધ છે કે તેમાં દરેક ક્ષેત્રમાં લોકોને ઉપયોગી હોય તેનું ઉપદેશાત્મક જ્ઞાન મળી રહે છે. આ જ આપણાં સંસ્કૃત સાહિત્યની મહત્તા છે તથા તેની ઉપલબ્ધતા છે.

સંસ્કૃત એ માત્ર ભારતની પ્રાચીનતમ ભાષા જ નથી, એ માનવસંસ્કૃતિની ભાષા પણ છે. કેમ કે એમાં ભારતીય સંસ્કૃતિના ઈતિહાસ ઉપરાંત આર્યજાતિની સભ્યતા, વિચારો ને માન્યતાઓનો ઈતિહાસ અકબંધ સચવાયેલો પડ ો છે. પ્રાચીન સમયના સઘળા સાહિત્યમાં સંસ્કૃત ભાષાનું સાહિત્ય અત્યંત રસભર્યું છે. આર્યજાતિની ધાર્મિક, સામાજિક, પૌરાણિક અને સાંસ્કૃતિક બધી જ પરંપરાઓનું મૂળ સંસ્કૃત સાહિત્યમાંથી કાઢી શકાય તેમ છે. ભાષા ધર્મ અને પુરાણકથાના તુલનાત્મક અભ્યાસનો આધાર સંસ્કૃત ભાષા છે. સાહિત્ય શબ્દના વિશાળતમ અર્થમાં ધાર્મિક, પૌરાણિક, તત્ત્વવજ્ઞાનવિષયક મહાકાવ્યો, નાટકો, નીતિકથાઓ તથા વિજ્ઞાન સાહિત્યને લગતા ગ્રંથો વગેરે તમામ વિષયોનું સાહિત્ય સંસ્કૃત ભાષામાં મળે છે.

સંસ્કૃત ભાષા ભારતીય સમાજ વ્યવસ્થાની આધારસ્તંભ છે. સંસ્કૃત સાહિત્યપરંપરાના મૂળ સ્ત્રોત સમા આ વેદો પાછળથી ભારતીય ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વવજ્ઞાનના મુખ્ય આધાર છે. ભાષા, શૈલી, કાવ્ય અને સાહિત્યની દૃષ્ટિએ પણ તે એટલા નોંધપાત્ર છે એ ભૂલવું જોઈએ નહિ. વેદોની ભાષામાં જોવા મળતાં સાહિત્યિક વલણો અને તેમની ભાષાના સ્વરૂપનું અવલોકન કરતાં જરૂર એવું લાગે કે લાંબા સમયની કેળ વણી અને વપરાશનો પાશ છે. સંસ્કૃત ભાષા એટલી સમૃદ્ધ છે કે તેનું સંપૂર્ણ અર્થઘટન દુષ્કર છે. તે અગાઢ સાગર છે અને જેમ સાગરમાંથી મોતી કાઢો છતાં તે ખૂટતા નથી તેમ સંસ્કૃત ભાષાનું સાહિત્ય વિપુલ છે તે કતયારેય પૂર્ણ થાય તેમ નથી.

# પ્રકરણ – ૧ સંસ્કૃત સાહિત્ય

## પાદટીપ

01. वैदिक वाङ्मय का ईतिहास — पं. भगवद्त्त पृ.-१९
02. संस्कृत साहित्य का नवीन इतिहास — – कृष्ण चैतन्य
    चौखम्बा विद्याभवन वाराणसी
    पृष्ठ–२८
03. वही - पृष्ठ - ३३
04. वही - अध्याय -२, पृष्ठ - ३५
05. वही - अध्याय -२, पृष्ठ - ३६
06. वैदिक साहित्य का इतिहास - — डा. पारसनाथ द्विवेदी पृष्ठ - १०६
07. पाणिनीयशिक्षा — चौखम्बा संस्कृत सीरीज, वाराणसी
08. नैरूकत्यं यस्य मन्त्रस्थ विनियोगः प्रयोजनम् ।
    प्रतिष्ठानं विधिश्वैव ब्राह्मणं तदिहोच्यते ।।
    – वैदिक साहित्य - पृ. १७५
09. स वै देवानामोजिष्ठो बलिष्ठः सहिष्ठः सत्तमः — - एतरेय ब्राह्मण, ७/१६
10. संस्कृत साहित्य का इतिहास – पृष्ठ - १९०
12.. वैदिक साहित्य का इतिहास - पृष्ठ - १४६
11. पाणिनीय शिक्षा, - ४१, ४२
13. स्वरवर्णा द्युच्चारणप्रकारो यत्र शिक्ष्यते उपदिश्यते सा – ऋग्वेद भाष्यभूमिका -सायण, पृ.-४९
14. वैदिक साहित्य और संस्कृति - बलदेव उपाध्याय - पृ.-३१६
14. સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ – પૃ. ૧૩૫
16. વહિ, પૃ. ૧૩૭
17. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ–ડૉ.અમૃત મ. ઉપાધ્યાય – પૃ.૧૧૧
18. संस्कृत साहित्य का नवीन इतिहास – पृ. २९१
19. સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ – પ્રા. જિતેન્દ્ર દેસાઈ – પૃ. ૧૬૯
20. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ – ડૉ. અમૃત મ. ઉપાધ્યાય પૃ. ૨૫૩